## આજનો સુવિચાર

કોઈ સ્થળે આપણે સમાવું હોય તો, એ સ્થાન કરતા આપણે નાનું થવું પડે, પછી એ સ્થાન કોઈનું હૃદય પણ કેમ ન હોય !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૬૯ જૂનાગઢ તા.૪-૭-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 169, Junagadh : Date : 04 July, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ખાલીસ્તાનવાદીઓએ અમેરીકા - કેનેડામાં ભારતીય દૂતાવાસ - રાજદૂતોને નિશાન બનાવ્યા

નવી દિલ્હી તા.૪

વિદેશમાં વસ્તા ખાલીસ્તાનીઓ દ્વારા ભારત વિરોધી પ્રવૃતિમાં આવેલા ઉછાળામાં ઓસ્ટ્રેલિયા-કેનેડામાં હિન્દુ મંદિરો પર ખાલીસ્તાનીઓ દ્વારા થતા હુમલા બાદ હવે કેનેડામાં ભારતીય દૂતાવાસના બે સિનીયર ડિપ્લોમેટને ખાલીસ્તાનીઓએ નિશાન બનાવ્યા છે. હાલમાં જ કેનેડામાં ખાલીસ્તાની ટાઈગર ફોર્સના વડા હરદીપસિંહની થયેલ હત્યા માટે ભારતીય હાઈકમીશનના બે અધિકારી જેમાં ભારતીય રાજદૂત સંજય શર્મા અને કોન્સ્યુલેટ જનરલ અપુર્વ શ્રીવાસ્તવને જવાબદાર ગણાવીને ખાલીસ્તાની ટેકેદારોએ તેમના નામ તસ્વીર સાથેના પોષ્ટર રીલીઝ કરતા આ બન્ને અધિકારીઓ સહિત ભારતીય રાજદૂતાવાસના તમામ અધિકારીઓ કર્મચારીઓની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

આ ઉપરાંત આગામી તા.૮ જુલાઈના રોજ ટોરન્ટોમાં ખાલીસ્તાનીઓ દ્વારા એક રેલીનું આયોજન થયું છે જેનું સમાપન ભારતીય રાજદૂત કચેરીએ થશે તેવી જાહેરાત કરતા જ ભારત સરકારે તાત્કાલીક કેનેડીયન સરકારને સુરક્ષા માટે તમામ પગલા લેવાની તાકીદ કરી છે તો બીજી તરફ અમેરિકામાં ખાલીસ્તાની સમર્થકોએ સાન ફ્રાન્સીસ્કોમાં ભારતીય વાણીજય દૂતાવાસની ઈમારતના એક ભાગને આગ લગાડી હતી. મીડીયા રિપોર્ટ મુજબ રવિવારે મધરાતે ખાલીસ્તાની કટ્ટરપંથીઓના એક સમુહે સાન ફ્રાન્સીસ્કોમાં ભારતીય કોન્સ્યુલેટને આગ ચાપી હતી આગ ઈમારતમાં તે અનેક ભાગો સુધી પહોંચી ગઈ હતી પરંતુ ફાયરબ્રિગેડે તુર્તજ તેના પર કાબુ મેળવી લેતા તેમાં મોટી નુકસાની કે જાનહાની થતા રહી ગઈ હતી. બાદમાં ખાલીસ્તાની હેન્ડલ પરથી તેનો વિડીયો બનાવી વાયરલ કરાયો હતો. આ ઉપરાંત અહી સોશ્યલ મીડીયા પર ખાલીસ્તાની કટ્ટરપંથીઓ અમેરિકામાં ભારતીય રાજદૂત તરનજીતસિંહ સંધુ અને મહાવાણિજયદૂત ડો. ટીવીનાગેન્દ્રપ્રસાદને નિશાન બનાવતા પોષ્ટર પણ વાયરલ કર્યા છે અને કેનેડામાં જે ખાલીસ્તાની વડાની હત્યા થઈ તે માટે પણ તેઓને જવાબદાર ગણાવ્યા છે. ખાલીસ્તાની સમર્થકો હવે કેનેડાના ટોરન્ટો વેનકુવર સહિતના શહેરોમાં અને અમેરિકામાં પણ જંગી રેલીનું આયોજન કરી રહ્યા છે.

અમેરિકામાં રવિવારે સાન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતીય વાણિજય દૂતાવાસમાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા આગજનીના પ્રયાસની સખત નિંદા કરી હતી. અમેરિકી સ્થાનિક અહેવાલ અનુસાર, ખાલિસ્તાની કટ્ટરપંથીઓએ ભારતીય વાણિજ્ય દૂતાવાસમાં સવારે ૧:૩૦ થી ૨:૩૦ વચ્ચે આગ લગાવી હતી, પરંતુ સાન ફ્રાન્સિસ્કો ફાયર વિભાગે આગને ઝડપથી કાબુમાં કરી હતી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આગને કારણે વધારે નુકસાન થયું નથી. સાથે જ આ ઘટનામાં કોઈ કર્મચારીને ઈજા થઈ નથી. ખાલિસ્તાની સમર્થકોએ આ ઘટનાને લઈને એક વીડિયો પણ જાહેર કર્યો છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે ટ્વીટ કર્યું કે, અમેરિકા સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ સામે કથિત તોડફોડ અને આગચંપીના પ્રયાસની સખત નિંદા કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં રાજદ્વારી સુવિધાઓ અથવા વિદેશી રાજદ્વારીઓ સામે તોડફોડ અથવા હિંસા એ ફોજદારી ગુનો છે.

## લદાખ - કારગીલમાં આજે સવારે ૪.૭ની તિવ્રતાનો ભુકંપનો આંચકો

જમ્મુ તા. ૪

લદાખમાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૭ માપવામાં આવી હતી. જો કે આ ભૂકંપને કારણે હજુ સુધી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર પ્રાપ્ત થયા નથી.

લદ્દાખના કારગીલમાં વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૭ માપવામાં આવી હતી ભૂકંપ લદ્દાખથી ૪૦૧ કિમી ઉત્તરમાં આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ આ માહિતી આપી હતી.

## મોંઘવારીનું તાંડવ : નૃત્ય કોમર્શીયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં રૂા.૭નો વધારો

નવી દિલ્હી, તા.૪

જુલાઈ મહિનાની શરૂઆત થતાની સાથે જ લોકોને મોંઘવારીનો આંચકો લાગ્યો છે. કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે. ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૭ રૂપિયાનો વધારો થયો છે. જેના કારણે દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત ૧૭૭૩ રૂપિયાથી વધીને ૧૭૮૦ રૂપિયા થઈ ગઈ છે. સતત ત્રણ વખત કિંમતોમાં ઘટાડો કર્યા બાદ આ વખતે કોમર્શિયલ ગેસ સિલિન્ડર મોંઘા કરવામાં આવ્યા છે. એપ્રિલ, મે અને જૂનમાં તેની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. જૂનમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો થયો હતો. જૂનમાં કિંમતમાં રૂ. ૮૩.૫નો ઘટાડો થયો હતો. ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## ટામેટા બાદ મરચાનાં ભાવમાં ભડકો કોલકતામાં ૧ કિલોનો ભાવ રૂા. ૪૦૦

મુંબઈ,તા. ૪ :

વરસાદે વાતાવરણ તો ખુશનુમા બનાવ્યુ છે પરંતુ લોકોના થાળીનું બજેટ પણ બગાડ્યું છે. હવે લોકોની થાળીમાંથી ટામેટાં દિવસેને દિવસે ગાયબ થઈ રહ્યા હતા કે હવે મરચાંના ભાવમાં પણ આગ લાગી છે. ટામેટાના ભાવ ૧૦૦ને પાર કર્યા બાદ હવે બજારમાં મરચાનો ભાવ પણ ૪૦૦ રૂપિયાને પાર જઈ રહ્યો છે. દેશના ઘણા ભાગોમાં લીલા મરચાની કિંમત ૩૦૦ થી ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. બજારના જાણકારોનું માનીએ તો વરસાદની મોસમમાં ભાવ વધુ વધી શકે છે.

ઈકોનોમિક ટાઈમ્સ અનુસાર, ચેન્નાઈના કેટલાક ભાગોમાં લીલા મરચાની કિંમત ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. કેટલાક ભાગોમાં તેની કિંમત ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો પણ છે. કોલકાતામાં લીલા મરચાનો ભાવ ૪૦૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. બજારના જાણકારો કહે છે કે આ ભાવ તાજેતરમાં જ વધ્યા છે. વરસાદના કારણે આવક ઓછી હોવાથી શાકભાજીનાં ભાવ દિન પ્રતિદિન વધી રહ્યા છે.

## જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબુદ કરવાની અરજી અંગે ૧૧ જુલાઈએ સુપ્રિમ કોર્ટ સુનાવણી કરશે

નવી દિલ્હી : આર્ટિકલ ૩૭૦ અંતર્ગત જમ્મુ-કાશ્મીરના સ્પેશિયલ સ્ટેટસને ખત્મ કરવાના મોદી સરકારના નિર્ણયને પડકારવાના મામલામાં સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બનેલી ખંડપીઠ ૧૧ જુલાઈએ સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડ, જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચ આ મામલાની સુનાવણી કરશે. આર્ટિકલ ૩૭૦ને હટાવવાના આ નિર્ણયને પડકારતી ૨૦ જેટલી અરજીઓ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. આ અરજીઓ પર ત્રણ વર્ષ ત્રણ મહિના પહેલા માર્ચ ૨૦૨૦માં સુનાવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે કેટલાક અરજદારોની રજૂઆત છતા સુપ્રીમ કોર્ટની પાંચ જજની ખંડપીઠે આ અરજીઓને સાત જજની ખંડપીઠ સમક્ષ નહી મોકલવાનો નિર્ણય કર્યો હતો.

## આસારામની પત્ની - પુત્રીને હાઈકોર્ટે નોટીસ ફટકારી : જેલભેગા થવું પડશે ?

અમદાવાદ તા.૪ : યૌન શોષણ અને બળાત્કાર કેસમાં જેલવાસ ભોગવી રહેલા આસારામની પત્ની - પુત્રી તથા ત્રણ મહિલા અનુયાયીઓને ગુજરાત હાઈકોર્ટ દ્વારા નોટીસ પાઠવવામાં આવી છે. આ કેસમાં અગાઉ તેઓને મુકત કરાયા હતા જયારે આસારામને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટીસ એ.વાય. કોગજે તથા જસ્ટીસ હસમુખ સુથારની ડીવીઝન બેંચે આસારામની પત્નિ લક્ષ્મીબેન તથા પુત્રી ભારતી સહીત પાંચને નોટીસ જારી કરી છે. અપીલ દાખલ કરવામાં ૨૯ દિવસનાં વિલંબની નોંધ કરીને પ્રતિવાદીઓને નોટીસ ફટકારવામાં આવી છે.

## યુપીનાં ઝાંસીમાં ઈલેકટ્રોનીક શો-રૂમમાં લાગેલી ભયાનક આગમાં એકજ પરીવારનાં ચારનાં મોત

ઝાંસી તા. ૪ :

ઝાંસીમાં ગતમોડી રાત્રે એક શોરૂમમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. સિપરી બજારમાં ઈલેક્ટ્રોનિક્સના ત્રણ મોટા શોરૂમમાં ભીષણ આગ લાગી હતી. આગના કારણે શોરૂમની ઉપર રહેતા એક જ પરિવારના ચાર લોકો જીવતા સળગી ગયા હતા. મૃતકોમાં એક બાળકીનો પણ સમાવેશ થાય છે.

ઝાંસીના ઈલેક્ટ્રોનિક શોરુમમાં લાગેલી આગ એટલી ભયાનક હતી કે તે આગને હોલવવા સ્થળ પર સેનાને બોલાવવી પડી હતી. જયારે આર્મીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે ફાયર બ્રિગેડે ઘરની અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. ટીમે પરિવારના કેટલાક સભ્યોને બચાવ્યા, પરંતુ આ ચાર લોકોને બચાવી શક્યા નહીં.

ઘટના અંગેની માહિતી આપતા એસએસપીએ જણાવ્યું હતુ કે સિપરી બજારમાં ત્રણ મોટા ઈલેક્ટ્રોનિક શોરૂમમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ત્યારે ઈલેક્ટ્રોનિક્સની દુકાનના માલિકનો પરિવાર શોરૂમની ઉપર રહેતો હતો. આગ એટલી વિકરાળ હતી કે ઝડપથી ફેલાઈ હતી અને આખા બિલ્ડીંને ઝપેટે લઈ લીધુ. પ્રચંડ આગ લાગતા લોકોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી.

## લોકસભાની ચૂંટણી પૂર્વે ૫૦૦થી વધુ પ્રોજેકટ તાકીદે પુરા કરવા વડાપ્રધાને સુચના આપી

નવી દિલ્હી તા. ૪

આગામી સમયની લોકસભા ચુંટણી પુર્વે રાષ્ટ્રીય અને રાજય કક્ષાના મહત્વના પ્રોજેકટ સંપન્ન થવામાં સતત વધી રહેલી ‘ડેડલાઈન’થી નારાજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક બેઠકમાં હવે આ પ્રકારના પ્રોજેકટની સમીક્ષા કરી આવ તમામ પ્રોજેકટ જે વિલંબથી ચાલી રહ્યા છે તે તા.૨૬ જાન્યુ. ૨૦૨૪ પુર્વે પુરા થાય તે જોવા સૂચના આપી છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ ચુંટણી તેના શેડયુલ મુજબ એપ્રિલ-મે ૨૦૨૪ના યોજાય તે રીતે હાલ તમામ તૈયારીઓ ચાલી રહી છે અને વડાપ્રધાન આ તમામ પ્રોજેકટના લોકાર્પણની હારમાળા સર્જવા માંગે છે. જેથી ૨૦૨૪ની ચુંટણીમાં મોદી સરકારની કામગીરીનો મેગા-શો યોજાઈ શકે. ફકત ફાઈલો નહી જમીન પર વાસ્તવિકતા દેખાય તેના પર વડાપ્રધાને ભાર મુકયો હતો. આ ઉપરાંત આગામી સમયમાં કેન્દ્ર સરકાર હવે ફરી નાના-એકમો માટે લોનમેળા યોજશે. ભારતીય બેંકોની હાલત હવે ખૂબજ તંદુરસ્ત થઈ છે. રૂા.૨૦૦૦ની નોટોની ‘રીઝર્વ બેંક વાપસી’ થી બેંકોની ડિપોઝીટ પણ વધી છે અને તેમાં હવે અર્થતંત્રને પુશઅપ કરવા માટે જે વિરાટકાય પ્રોજેકટ પર કામકાજ થઈ રહ્યું છે. લોકસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદી તેના ડ્રીમ પ્રોજેકટ સમાન તમામ પાયલોટ યોજનાઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહયા છે જેથી લોકસભાની ચૂંટણીમાં તેનો લાભ ઉઠાવજી શકાય

## અમેરીકાનાં ફીલાડેલ્ફીયામાં અંધાધુંધ ફાયરીંગ ૪નાં મોત : ૮ ગંભીર

વોશીંગ્ટન તા. ૪

અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની ઘટના બની છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અમેરિકાના ફિલાડેલ્ફિયાના દક્ષિણપશ્ચિમમાં આવેલા કિંગેસિંગ વિભાગમાં ગઈકાલે રાત્રે ગોળીબારની ઘટના બની હતી જેમા ચાર લોકોના મોત થયાના સમાચાર છે જયારે ચાર ઘાયલ થયા છે.

અમેરિકાના ફિલાડેલ્ફિયાના કિંગસવિંગમાં ગઈકાલે રાત્રે સામૂહિક ગોળીબારની ઘટના સામે આવી છે. ફિલાડેલ્ફિયામાં ગોળીબારમાં ચાર લોકોના મોત થયા છે. જેમાં ૪ લોકો ગંભીર રીતે ઘાયલ છે. આ ઘટનામાં એક શંકાસ્પદ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનામાં આઠ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જેમાંથી ૪ લોકોના મોત થયા છે. સુત્રોનામાંથી મળતી માહિતી મુજબ ગોળીબારની ઘટનામાં ૬ પુખ્ત અને ૨ કિશોરોને ગોળી વાગી હતી. આ ઘટના અમેરિકાના સ્વતંત્રતા દિવસ પહેલા બની હતી. અમેરિકા દર વર્ષે ૪ જુલાઈના રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરે છે.

## મે મહીનામાં વોટસએપે ૬૫ લાખ એકાઉન્ટ પ્રતિબંધીત કર્યા

નવી દિલ્હી તા.૪

વોટ્સએપના રિપોર્ટ અનુસાર ૧ મેથી ૩૧ મેની વચ્ચે ૬૫,૦૮,૦૦૦ વોટ્સએપ એકાઉન્ટ્સ પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા અને તેમાંથી ૨,૪૨૦,૭૦૦ એકાઉન્ટ્સ યુઝર્સ તરફથી કોઈ રિપોર્ટ આવે તે પહેલા જ પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે લોકપ્રિય ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશને આ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે કારણ કે વપરાશકર્તાઓએ ભારતીય કાયદાઓ અને WhatsAppના સેવાના નિયમોઅને શરતોનું ઉલ્લંઘન કર્યું હતું. વોટ્સએપ તેના યુઝર્સની સુવિધા માટે રિપોર્ટ કરાયેલા એકાઉન્ટ પર તાત્કાલિક પગલાં લે છે. જેથી કરીને કોઈપણ યુઝરની પ્રાઈવસી અને સુરક્ષાને કોઈ ખતરો રહે નહી.

### કેન્દ્રીય મંત્રી પરીષદની બેઠક યોજાઈ

## ભારતને સુપર પાવર બનાવવા ૨૦૪૭ પર ફોકસ કરવા વડાપ્રધાનનું સુચન

નવી દિલ્હી,તા.૪: દિલ્હીના પ્રગતિ મેદાન સ્થિત કન્વેન્શન સેન્ટરમાં કેન્દ્રીય મંત્રી પરિષદની બેઠક યોજાઈ હતી. લગભગ ૪ કલાક સુધી ચાલેલી આ બેઠકની અધ્યક્ષતા વડાપ્રધાન મોદીએ કરી હતી. જેમાં વડાપ્રધાન ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય કેબિનેટ મંત્રીઓ હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, મંત્રી પરિષદની બેઠકમાં નાણા સચિવ દ્વારા એક પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે કેવી રીતે ભારત ૨૦૪૭ સુધીમાં એક મોટી આર્થિક શકિત તરીકે ઉભરી આવશે.

મંત્રી પરિષદની બેઠકમાં, આગામી ૨૫ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ભારતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વધુ નીતિગત પહેલ કેવી રીતે કરવી જોઈએ તેના પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તમામ મંત્રીઓ પાસેથી તેમના કામની વિગતો માંગવામાં આવી હતી. બેઠકમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત મંત્રાલયોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. પીએમ મોદીએ કહ્યું, ‘અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને અર્થવ્યવસ્થાના પ્રેરક બળ તરીકે માનીએ છીએ. આ માર્ગે ચાલીને ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય હાંસલ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમ મોદીએ કહ્યું કે ૨૦૨૪ તરફ ન જુઓ, ૨૦૪૭ તરફ જોઈને કામ કરો. આગામી ૨૫ વર્ષમાં એટલે કે ૨૦૪૭ સુધી ઘણું બધું બદલાશે. શિક્ષિત લોકોની નવી ફોજ તૈયાર થશે. ભારત દરેક ક્ષેત્રમાં નવી ટેકનોલોજીથી સજ્જ થશે.

વડાપ્રધાન મોદીએ લગભગ ૩૫ મિનિટ સુધી મંત્રી પરિષદની બેઠકને સંબોધિત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરમિયાન તેમણે મંત્રીઓને ચૂંટણીના વર્ષમાં સખત મહેનત કરવાની સલાહ આપી હતી. પીએમએ કહ્યું કે આગામી ૯ મહિના સુધી જનતાની વચ્ચે જાઓ અને લોકોને સરકારના ૯ વર્ષના કામ વિશે જણાવો. મંત્રીઓને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે સરકારની નીતિઓ અને નિર્ણયોનો યોગ્ય રીતે અમલ કરવો ખૂબ જ જરૂરી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે સંસદનું ચોમાસુ સત્ર જૂના સંસદ ભવનમાં જ યોજાશે.


### બંગલો વેચવાનો છે

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**ડોબરીયા ગાયનેક હોસ્પીટલ**

મેટરનીટી (પ્રસુતિ)/ સોનોગ્રાફી / લેપ્રોસ્કોપી / વંધત્વ (ઈન્ફર્ટીલીટી)

**ડો. પ્રતિક ડોબરીયા**
M.B. D.G.O.

સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન

રાહતદરે ઉપલબ્ધ સુવિધાઓ
- સોનોગ્રાફીની સુવિધા ● વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
- પેઈનલેસ (પીડારહિત) ડીલીવરી તથા સીઝેરીયનની સુવિધા.
- ગર્ભાશયની કોથળીનું ટાંકાવાળુ, ટાંકા વગરનું તેમજ દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
- અંડાશય અને કુટુંબનિયોજનનાં ટાંકાવાળા તથા દુરબીન (લેપ્રોસ્કોપી)થી થતા ઓપરેશન
- હીસ્ટેરોસ્કોપીની સુવિધા (ગર્ભાશયની અંદરની દુરબીનથી તપાસ તથા ઓપરેશન) ● કેન્સર નિદાન કેન્દ્ર
- બંધ નળી ખોલવાનું ઓપરેશન (માઈક્રોસર્જરી)
- મેડીકલેઈમની સુવિધા, ડીલક્ષ અને સ્પેશ્યલ રૂમની સુવિધા

ઓપીડી સમય : સવારે : ૯ થી ૧, સાંજે : ૬ થી ૮


અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**ભરતભાઈ ભીંડી**
૯૮૨૫૦ ૬૬૧૪૧

K.D. BHINDI JEWELLERS





સાંઈબાબા મંદિર સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૧૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

Khimji bhai 94264 86319
Bhavesh bhai 94291 58925

**YAMUNA PROTEINS**

G.N. SEEDS, WHEAT PROCESSOR

14, Indreshwar Commercial Centre,
B/h. Marketing Yard, DOLATPARA
JUNAGADH-362003 (GUJ.)
Ph.:O.2660041, 2660341 R.2633658

### રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ વર્ષ-૨૦૨૩

# રસ ધરાવતા ઈચ્છુક શિક્ષકો તા. ૧૫ જુલાઈ સુધી https:/ nationalawardstoteachers. education. gov.in/ વેબસાઈટ ઉપર અરજી કરી શકશે

(જી.એન.એસ),તા. ૪

દેશના શ્રેષ્ઠ શિક્ષકોએ તેમની પ્રતિબદ્ધતા અને મહેનત દ્વારા શાળાના શિક્ષણની ગુણવત્તાની સાથે તેમના વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવ્યું છે. તેમના આ અનન્ય યોગદાનને બિરદાવા માટે દર વર્ષે રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ આપીને તેમનું સન્માન કરવામાં આવે છે. આ રાષ્ટ્રીય એવોર્ડ માટે શિક્ષકોની પસંદગી કરવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકામાં દર્શાવેલી સૂચનાઓ મુજબ પાત્રતા ધરાવતા ઈચ્છુક શિક્ષકોએ રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ-૨૦૨૩ માટે નામની નોંધણી તા. ૧૫/૭/૨૦૨૩ સુધી https:// nationalawardstoteachers. e ducation.gov.in/ વેબસાઈટ ઉપર કરી શકે છે તેમ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની યાદીમાં જણાવવામાં આવ્યુંછે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર, માન્ય પ્રાથમિક/ માધ્યમિક/ ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષક માટે રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ માટે શિક્ષકોની પસંદગી નીચે પ્રમાણેની પાત્રતાના આધારે કરવામાંઆવશે.

૧) રાજય સરકાર/ કેન્દ્રશાશિત પ્રદેશ દ્વારા સંચાલિત શાળાઓ, સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓ, રાજય સરકાર દ્વારા સહાય મળતી શાળાઓ, અને કેન્દ્ર શાશિત પ્રદેશ એડમિનિસ્ટ્રેશન અને રાજય/ કેન્દ્રશાશિત બોર્ડ સાથે સંલગ્ન જોડાણ ધરાવતી ખાનગી શાળાઓ

૨) કેન્દ્ર સરકાર શાળાઓ એટલે કે કેન્દ્રીય વિદ્યાલયો (KVs), જવાહર નવોદય વિદ્યાલય (ત્નદ્રફજ), સંરક્ષણ મંત્રાલય (MoD) દ્વારા સંચાલિત સૈનિક શાળાઓ, એટોમિક એનર્જી એજ્યુકેશન સોસાયટી (AEES) દ્વારા સંચાલિત શાળાઓ અને આદિજાતિ બાબતોના મંત્રાલય તરા સંચાલિત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS)

૩) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (CBSE) સાથે જોડાણ ધરાવતી ઉપર દર્શાવેલી શાળાઓ સિવાયની શાળાઓ

૪) કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ્સ સર્ટિફિકેટ એક્ઝામિનેશન (જીઝઈ) સાથે જોડાણ ધરાવતી ઉપર દર્શાવેલી શાળાઓ સિવાયની શાળાઓ

૫) સામાન્ય રીતે નિવૃત્ત શિક્ષકો પુરસ્કાર માટે પાત્ર નથી. પરંતુ જે શિક્ષકો અન્ય શરતો પરિપૂર્ણ કરી હશે ઉપરાંત કેલેન્ડર વર્ષના અમુક ભાગમાં એટલે કે, ઓછામાં ઓછા ચાર મહિના માટે જે વર્ષમાં રાષ્ટ્રીય પુરસ્કારો સંબંધિત છે તે વર્ષમાં ૩૦મી એપ્રિલ સુધી સેવા આપી હોય તેવા શિક્ષકોને ધ્યાનમાં લેવામાં આવશે.

૬) શૈક્ષણિક સંચાલકો, શિક્ષણ નિરીક્ષકો અને તાલીમ સંસ્થાઓના કર્મચારીઓ આ પુરસ્કારો માટે પાત્ર નથી.

૭) શિક્ષક મુખ્ય શિક્ષકે ટ્યુશન કરાવતા ન હોવા જોઈએ.

૮) માત્ર કાયમી અને મુખ્ય શિક્ષક કે જેઓ ઓછામાં ઓછા દસ વર્ષથી સેવા આપતા હોય તેવા શિક્ષકો દરખાસ્ત કરી શકશે.

૯) કરાર આધારિત શિક્ષકો અને શિક્ષા મિત્ર એવોર્ડ માટે પાત્રતા ધરાવતા નથી તેમ વધુમાં જણાવવામાં આવ્યુંછે.

# ગુજરાતમાં વાહનોને સ્ક્રેપ કરવા માટે ઓનલાઈન અરજી કરી શકાશે

## માત્ર સરકાર માન્ય રજીસ્ટર્ડ સ્ક્રેપીંગ ફેસીલીટીમાં જ સ્ક્રેપ કરી શકાશે

ગાંધીનગર, તા. ૪

કેન્દ્ર સરકાર દ્વારા વ્હીકલ સ્ક્રેપીંગ ફેસીલિટીના રજિસ્ટ્રેશનઅને સ્ક્રેપીંગની કાર્પદ્ધતિ અંગેના નિયમો જાહેર કરવામાં આવ્યાં છે. રાજ્યમાં આ નિયમો અંતર્ગત રજિસ્ટર્ડ વ્હીકલ સ્ક્રેપીંગ ફેસેલિટી મારફતે સ્ક્રેપ કરી શકાશે, જે માટે https:// vscrap.parivahan.gov.in/vehiclescrap/ vahan/welcome.xhtml પર અરજી કરવાની રહેશે એમ વાહન વ્યવહાર કમિશનરની કચેરીની અખબારી યાદીમાં જણાવાયુંછે. ઉલ્લેખનીયછે કે ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા વ્હીકલ સ્ક્રેપીંગ અંગેની પોલિસી જાહેર કરવામાં આવી હતી. જેના અસરકારક અમલીકરણ રાજયભરમાં કરવામાં આવી રહ્યું છે.

# કોમ્પ્યુટર પ્રોફિયન્સી ટેસ્ટ પરીક્ષા રદ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૪

ગૌણ સેવા પસંદગી મંડળની ટેકનિકલ સંવર્ગની પરીક્ષા પધ્ધતિમાં સુધારો કરવામાં આવ્યો છે. તેમાં કોમ્પ્યુટર પ્રોફિયન્સી ટેસ્ટ (સીપીટી) પરીક્ષા રદ કરવામાં આવી છે. માત્ર MCQ અથવા OMR પદ્ધતિથી એક જ પરીક્ષા લેવાશે. ત્યારે અગાઉ પ્રિલિમ અને બે પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે ટેકનિકલ સંવર્ગની પરીક્ષાઓમાં ગૌણ સેવા પસંદગી મંડળનો નિર્ણય કરાયો છે.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સૈનિક સ્કૂલનું આજે ખાતમુર્હુત

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના બોરીયાવી ગામે શ્રી મોતીભાઈ ર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલનું ખાતમુહુર્ત કરાશે : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને સહકાર મંત્રી જગદીશ પંચાલની પણ ઉપસ્થિતિ રહેશે : દૂધ સાગર ડેરી દ્વારા ૭૫ કરોડના ખર્ચે અને ૧૧ એકર જમીનમાં સૈનિક સ્કૂલનું નિર્માણ કરાશે

(જી.એન.એસ),તા. ૪

મહેસાણા જિલ્લાના બોરીયાવી ગામે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની તેમજ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને સહકાર મંત્રી જગદીશ પંચાલની ગરિમામય ઉપસ્થિતિમાં આજે, તા.૪થી જુલાઈના રોજ મોતીભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલનું ખાતમુહુર્ત કરાશે.

મોતીભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ મહેસાણાથી ૧૧ કી.મી દૂર બોરીયાવી ગામે ૭૫ કરોડના ખર્ચે અને ૧૧ એકર જમીનમાં નિર્માણ કાર્ય કરવામાં આવશે. કોઈ સહકારી સંસ્થા દ્વારા સંચાલિત સૈનિક સ્કૂલ સમગ્ર ભારતમાં પ્રથમ સ્કૂલ હશે.

દૂધ સાગર ડેરીની એજન્સી દૂધ સાગર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસીએસન (DURDA) દ્વારા આ સૈનિક સ્કૂલનું સંચાલન કરવામાં આવશે. રક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૨નાં રોજ સૈનિક સ્કુલ માટે પરવાનગી આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સાગર સૈનિક સ્કૂલમાં વર્ષ ૨૦૨૨-૨૩ એકેડેમિક વર્ષમાં ધોરણ-૬માં ૪૬ છોકરા અને ૪ છોકરી એમ કુલ ૫૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ નાં એકેડેમિક વર્ષમાં સીટની સંખ્યા વધારીને ૮૦ કરવામાં આવી છે. જેમાં ૧૦ ટકા છોકરીઓ માટે આરક્ષિત કરાઈ છે. ધોરણ-૬માં ૫૧ છોકરા અને ૪ છોકરી એમ કુલ ૫૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. હાલમાં આ વિદ્યાર્થીઓ દૂધ સાગર ડેરી સ્થિત MIDFT (માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી) માં અભ્યાસ કરી રહ્યા છે.

# માય હોમ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડને એક્સલન્સ એવોર્ડ આપશે

(જી.એન.એસ)

દિલ્હી,તા. ૪

ફેડરેશન ઓફ તેલંગાણા ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૩જી જુલાઈના રોજ ૨૨ સંસ્થાઓ અને વ્યક્તિઓને એક્સેલન્સ એવોર્ડ એનાયત કરશે. આ ૨૨ સંસ્થાઓમાંથી My Home Industries Pvt. LTD ને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી કેટેગરી માટે એક્સેલન્સ એવોર્ડ આપવામાં આવી રહ્યો છે. માય હોમ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ એ દક્ષિણ ભારતની સૌથી મોટી સિમેન્ટ કંપનીઓમાંની એક છે જેમાં એક કરોડ TPA છે જે છેલ્લા ૧૯ વર્ષમાં જબરદસ્ત વૃદ્ધિ પામી છે. આ કંપની ભવિષ્યમાં તેની ક્ષમતાને ઝડપથી વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે. માય હોમ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ એ માય હોમ ગ્રુપનો એક ભાગ છે, જેના સ્થાપક અને અધ્યક્ષ રામેશ્વરરાવ જુપલ્લી છે. આ ૩૬ અબજ રૂપિયાનું જૂથ છે જેનું હેડક્વાર્ટર હૈદરાબાદમાં છે. માય હોમ ગ્રુપમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવે છે. માય હોમ ગ્રૂપ અનુસાર, તેમની કલ્પના દ્રષ્ટિ અને ફિલસૂફી સમાજની સુખાકારીમાં સતત સુધારો કરવાની પ્રતિબદ્ધતા દ્વારા પ્રેરિત છે. આ સુધારાઓમાં હેલ્થ કેરથી લઈને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સ્કીલ ડેવલપમેન્ટ સુધીની ઘણી બાબતો સામેલ છે. FTCCI નો કાર્યક્રમ હૈદરાબાદની HICC નોવોટેલ હોટેલમાં યોજાશે, જેમાં ઉદ્યોગ અને મંત્રી કે. ટી. રામારાવ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. તેમના સિવાય મુખ્ય સચિવ જયેશ રંજન અને ગ્રીનકો ગ્રુપના ચીફ એક્ઝિક્યુટિવ અને એમડી અનિલ કુમાર ચાલમલાસેટ્ટી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. આ તમામ મહેમાનો એવોર્ડ પણ અર્પણ કરશે. તમને જણાવી દઈએ કે, આ એવોર્ડ માટે ૨૩ કેટેગરીમાં નોમિનેશન માંગવામાં આવ્યા હતા. પરંતુ માત્ર ૨૨ કેટેગરીમાં જ નામાંકન પ્રાપ્ત થયા હતા. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કેટેગરીમાં કોઈ એક્સલન્સ એવોર્ડ મળ્યો નથી. અત્યાર સુધી FTCCI માત્ર ૨૨ કેટેગરીમાં જ એવોર્ડ આપતું હતું પરંતુ હવે બેસ્ટ સ્ટાર્ટઅપ ઓફ ધ યર નામની નવી કેટેગરી પણ શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે FTCCI એક ખાસ કોફી ટેબલ બુક પણ લાવશે, જેમાં વિજેતાઓની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરી તેમના વિશે લખવામાં આવશે. આ પુસ્તક સિદ્ધિઓનો ખજાનો હશે જે તમામ વ્યવસાયિક ભાગીદારો અને ગ્રાહકો સાથે પણ શેર કરી શકાય છે. FTCC પ્રમુખ અનિલ અગ્રવાલ, FTCCI એક્સેલન્સ એવોર્ડ કમિટીના અધ્યક્ષ અરૂણ લુહારૂકા, વરિષ્ઠ ઉપાધ્યક્ષ મીલા જયદેવ અને ઉપપ્રમુખ સુરેશ કુમાર સિંઘલે શનિવારે ફેડરેશન હાઉસ ખાતે એવોર્ડ મેળવનારાઓની યાદી બહાર પાડી હતી.

### સરદાર સરોવર ડેમ ૫૫ ટકાથી વધુ ભરાયો

# રાજ્યના ૨૦૮ જળાશયોમાં ૩૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો

## રાજ્યના ૧૯ જળાશયો સંપૂર્ણ છલકાયા છે જ્યારે ૨૯ જળાશયો ૭૦ ટકાથી વધુ ભરાયા છે

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં ૩ જૂલાઈએ સવારે ૮ કલાકની સ્થિતિએ કુલ ૨૦૬ જળાશયોમાં, પાણીના કુલ સંગ્રહ શક્તિના ૩૮.૬૧ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે ૩૭.૧૬ ટકા સામે આ વર્ષે ૪૪.૩૮ ટકા જળાશયો ભરાયા છે તેમ, સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે.

સરદાર સરોવર ડેમમાં ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જયારે ગુજરાતના ૧૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ એટલે સંપૂર્ણ છલકાયા છે. ૨૯ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦થી ૭૦ ટકા તેમજ ૫૪ જળાશયો ૨૫થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે.

રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાનું મુંજીયાસર, ધાતરવાડી, વાડિયા, સંક્રોલી, સુરજવાડી, ગીર સોમનાથનું મચ્છુન્દ્રિ, જૂનાગઢનું ઉબેણ, હસ્નાપુર, મોટા ગુજેરીયા, રાજકોટનું મોજ, સોદવદર, કચ્છનું કંકાવટી, ગજાનસર, કાલાગોગા અને ડોન, જામગનરનું વઘાડીયા, સપાડા અને રૂપારેલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા જળાશયનો સમાવેશ થાય છે તેમ, અહેવાલમાં જણાવાયું છે. આ સિવાય હાલમાં ઉતર ગુજરાતના કુલ ૧૫ જળાશયો ૪૮.૭૨ ટકા, મધ્યગુજરાતના ૧૭ જળાશયો ૩૦.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો ૩૫.૩૯ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૫૦.૯૫ ટકા, તેમજ સૌરાષ્ટ્રના કુલ-૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે. રાજયના દૈનિક ૫૦૦૦થી વધુ કયુસેક પાણીની આવક ધરાવતા જળાશયોમાં સરદાર સરોવરમાં ૪૩,૦૭૬ કયુસેક, દમણગંગામાં ૬,૭૮૨ અને હિરણ-૨માં ૫,૧૯૯ કયુસેક પાણીનો સમાવેશ થાય છે તેમ, ફ્લડ કન્ટ્રોલ સેલના અહેવાલમાં વધુમાં જણાવાયું છે.

### ચોમાસામાં ખાદ્યતેલના ભાવ ફરી એક વખત લોકોને દઝાડ્યા

# સિંગતેલના ડબાનો ભાવ રૂા.૨૮૦૦ની ઉપર જતા મધ્યમવર્ગની કમર તૂટી

અમદાવાદ, તા.૪

ગુજરાત સહિત દેશભરમાં ચોમાસું દસ્તક દઈ રહ્યું છે. ખાસ કરીને વરસાદ પડે અને તરત જ સ્વાદપ્રિય ગુજરાતી ચોમાસામાં તૈયાર મળતાં દાળવડાં, ભજિયાં, કચોરી, સમોસાં, ગાંઠિયાની લિજ્જત માણવા નીકળી પડે છે. ક્યાંક આ ગરમાગરમ નાસ્તા ઘરે ઘરે પણ બનતા હોય છે. આ દરેક વસ્તુ બનાવવા માટે તેલનો વપરાશ વધી જતો હોય છે. પરિણામે ખરીદીનું પ્રમાણ વધતું રહે છે. હવે ખરીદી નીકળે તે પૂર્વે જ ચોમાસામાં ખાદ્યતેલના ભાવ ફરી એક વખત લોકોને દઝાડી રહ્યા છે. સિંગેતલ ડબાના ભાવે રૂા.૨૮૦૦ની સપાટી કુદાવી હતી અને ભાવ રૂા.૨૮૨૦નો થયો હતો, જેના કારણે મધ્યમવર્ગની કમર રીતસર તૂટી ગઈ છે. સિંગતેલની સાથે સાથે અન્ય સાઈડ તેલમાં પણ ભાવવધારો જોવા મળ્યો હતો. ખાદ્યતેલમાં ૧૦ દિવસ પહેલાં તેજી-મંદી બંને જોવા મળી રહી હતી, પરંતુ છેલ્લા ૨-૩ દિવસથી ભાવ વધવાનું પાછું શરૂ થયું છે. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન સિંગતેલ, કપાસિયા અને પામોલીનમાં રૂા.૨૦નો ભાવવધારો થયો છે. જોકે વરસાદી સિઝનમાં જણસીની આવક પણ પ્રભાવિત થશે. આ વખતે જીરૂંનો ભાવ રેકોર્ડબ્રેક સપાટીએ પહોંચ્યો છે. સોમવારે ભાવવધારો આવતાં ભાવની સપાટી રૂા.૧૨,૦૦૦ એ પહોંચી છે. જ્યારે મગફળીનો ભાવ રૂા.૧૬૨૭ રહ્યો હતો. ધીમે ધીમે નવી મગફળીની આવક વધશે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે.

સિંગતેલના ડબાદીઠ ભાવ રૂા.૧૭૭૫ થી રૂા.૨૮૨૫ રહ્યા છે, કપાસિયા તેલના ભાવ રૂા.૧૬૪૫થી રૂ.૧૬૯૫ છે. પામોલીન તેલના ભાવ રૂા. ૧૪૨૦થી રૂા.૧૪૨૫ છે અને સરસવ તેલના ભાવ રૂા. ૧૫૮૦થી રૂા.૧૬૦૦ છે, જયારે કોર્ન ઓઈલના ભાવ રૂા.૧૫૦૦થી રૂા.૧૫૩૦છે. વનસ્પતિ ઘીના ભાવ રૂા. ૧૫૫૦થી રૂા.૧૬૦૦ છે. કોપરેલના ભાવ રૂા. ૨૩૪૦થી રૂા.૨૩૮૦ અને દિવેલના ભાવ રૂા.૨૦૪૦થી રૂા. ૨૦૫૦ રહ્યા છે.

ગૃહિણીઓ માટે રાહતના સમાચાર એ હતા કે મે માસ એટલે કે ગત માસે સિંગતેલના ભાવમાં ૫૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. સિંગતેલના ૧૫ કિલો ડબાનો ભાવ રૂા.૨૭૫૦ રહ્યો હતો. જ્યારે કપાસિયા તેલના ડબાનો ભાવ રૂા.૧૫૨૦ સુધી પહોંચ્યો હતો. ગત વર્ષે પણ આ સિઝનમાં સિંગતેલ અને કપાસિયા તેલના ભાવ સરખા હતા. જ્યારે આ વર્ષે કપાસિયા તેલ કરતાં સિંગતેલના ભાવમાં ૧૦૦૦ રૂપિયાનો વધારો થયો છે. ગત માસમાં એક અઠવાડિયામાં જ ૫૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. બજારમાં મંદી અને સાથે જ અન્ય તેલીબિયાંના ભાવમાં ઘટાડો થયો હોવાના કારણે વેપારીઓએ તેલના ભાવમાં ઘટાડો થયો હોવાનું જણાવ્યું હતું. હવે ચોમાસાની સિઝનમાં ફરી સિંગતેલની ખરીદી વધી રહી છે એટલું જ નહીં તહેવારોની સિઝન અને વ્રતનો મહિનો તથા અધિક મહિનો પણ નજીક આવી રહ્યા છે. આમ તહેવારો પૂર્વે જ તેલના ભાવમાં ફરી વધારો થતાં ગૃહિણી નારાજ છે.

# પરંપરાગત માધ્યમો થકી સરકારની વિવિધ યોજનાઓ જીવંત રાખતી રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૪

પરંપરાગત માધ્યમો થકી સરકારની વિવિધ યોજનાઓ અને તેના લાભો સામાન્ય લોકો સુધી પહોંચાડવા તેમજ કલાકારોને પોતાની કલાના પ્રદર્શન માટે યોગ્ય માધ્યમ અને પ્રોત્સાહન આપવા માટે જન-જાગૃતિના કાર્યક્રમો ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે લોકડાયરાના કાર્યક્રમો તેમજ કઠપૂતળીના કાર્યક્રમો નિયત લાયકાત ધરાવતા કલાકારોને ફાળવવામાં આવે છે. આ લોકડાયરામાં રાજકોટ જિલ્લાના વિવિધ કલાકારો જુદા-જુદા તાલુકાઓના ગામડાઓમાં ભજન, પરંપરાગત સાહિત્ય, તેમજ સામાજિક સંદેશ જેવા કે જીવનમાં શિક્ષણનું મહત્વ, દીકરીને ભણાવી આત્મનિર્ભર બનાવવી, નશામુક્તિ, સ્વચ્છતા અંગે જાગૃતિ, હર ઘર શૌચાલય, પાણીનો સદઉપયોગ અને સંગ્રહ જેવા વિવિધ મુદ્દાઓ અંગે ગ્રામ્ય નાગરિકોને માહિતગાર કરે છે. જેનાથી મનોરંજનની સાથે સાથે સામાજિક પ્રગતિના સંદેશ આપીને સામાન્ય લોકોના દ્રષ્ટિકોણમાં





સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. રાજકોટ જિલ્લામાં લોકડાયરાના કાર્યક્રમ માટે લોધિકા તાલુકાના વાગુદડ અને ખાંભા, પડધરી તાલુકાના ઉકરડા, ગોંડલ તાલુકાના ગુંદાળા, નવા ગામ અને ડૈયા, કોટડાસાંગાણી તાલુકાના ભાડવા, રાજકોટ તાલુકાના સણોસરા, મેસવડા અને ઢાઢિયા, વીંછીયા તાલુકાના અજમેર, ઉપલેટા તાલુકાના મુરખડા, જામકંડોરણા તાલુકાના બંધિયા સહિતના ગામો તેમજ કઠપૂતળીના કાર્યક્રમ માટે લોધીકા તાલુકાના જસવંતપુર, પાળછાપરા ગામ અને ખીરસરા રાજકોટ તાલુકાના રામપરા (બેટી), હિરાસર, રાજ સમઢીયાળા અને ત્રંબા ગામ, કોટડાસાંગાણી તાલુકાના અરડોઈ અને વેરાવળ (શાપર) ગામ, ગોંડલ તાલુકાના રીબડા અને દાળિયા ગામ, પડધરી તાલુકાના ખંભાળા, ઢોકળીયા, મેટોડા, સરપદડ, તરઘડી અને મોટા રામપર ગામ, જસદણ તાલુકાના જંગવડ અને આટકોટ સહિતના ગામોમાં કરવામાં આવ્યા હતા. જેનો મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો.

# દ્વારકા : જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજના પ્રથમ આતુર્માસનો પ્રારંભ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

ધર્મનગરી દ્વારકામાં અભિષિક્ત અનંતશ્રી વિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રીનું પ્રથમ ચાતુર્માસ્ય વ્રતાનુષ્ઠાન પ્રારંભ થયું છે. આ ચાતુર્માસ્ય વ્રતાનુષ્ઠાન, અંતર્ગત ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉજવામાં આવ્યો હતો. ગુરૂ પૂર્ણિમા મહોત્સમાં ગુરૂ વ્યાસ પૂજન તથા ચાતુર્માસ સંકલ્પ, ભગવાન દ્વારકધીશના શિખર ઉપર નૂતન ધ્વજા આરોહરણ, પૂજ્ય મહારાજશ્રીનું પાદુકા પૂજન સંપન્ન થયું હતું. ચાતુર્માસ દરમ્યાન શ્રી શારદાપીઠ, દ્વારકામાં પૂજય શંકરાચાર્ય મહારાજશ્રી સવારે ૧૦ થી ૧૨ સુધી બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય સ્વાધ્યાય ઉપર પ્રવચન કરશે તથા સાંજે ૬ થી ૮ સુધી શ્રીમદ્ ભગવદ ગીતા શાંકરભાષ્ય ઉપર પ્રવચન કરશે.

# શિક્ષણ માટેની તક વંચિત કન્યાઓ માટે આશિર્વાદ સિધ્ધ થતો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો ‘ઓપન સ્કુલીંગ પ્રોજેક્ટ’

## ૧૬૦ કરતાં વધુ વિદ્યાર્થીનીઓએ આ યોજના થકી શિક્ષણની જ્યોત જલતી રાખી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શનમાં ચાલી રહેલા ‘ઓપન સ્કુલીંગ પ્રોજેક્ટ’નાં ખૂબ સુંદર પરિણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે. અત્યાર સુધીમાં ‘ઓપન સ્કુલીંગ પ્રોજેક્ટ’નો લાભ લઈને ૧૬૦ જેટલી વિદ્યાર્થીનીઓ ધોરણ ૧૦ની પરિક્ષા પાસ કરીને ઉચ્ચ શિક્ષણ, નોકરી કે પોતાના સ્વતંત્ર વ્યવસાયની દિશામાં આગળ વધી ચુકી છે. કોઈ પણ કારણોસર અભ્યાસ કરવાની તકથી વંચિત રહેલી બાળાઓને ફરી શિક્ષણ પ્રાપ્ત કરાવવા માટે રિલાયન્સ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ પ્રવ્રુત્તિના ભાગરૂપે સને ૨૦૧૭થી ‘ઓપન સ્કુલીંગ પ્રોજેક્ટ’ હાથ ધરવામાંઆવ્યો છે. તાજેતરમાં જાહેર થયેલાં



NIOSનાં પરિણામમાં સને ૨૦૨૨-૨૩ની બેચમાં આ યોજનામાં જોડાયેલી તમામ ૨૦ વિદ્યાર્થીનીઓ ખુબ સારા માર્કસ સાથે ઉત્તિર્ણ થઈ છે. ૨૦૧૭થી શરૂ થયેલી આ શિક્ષણ યાત્રા અવિરત રીતે ચાલી રહી છે અને વધુને વધુ કન્યાઓ તેનો લાભ લઈ રહી છે. આ પ્રોજેક્ટ દ્વારા જે કન્યાઓને કોઈ પણ કારણોસર અભ્યાસ છોડી દેવો પડ્યો હોય તેમને તમામ પ્રકારની મદદ કરીને NIOS દ્વારા લેવાતી ધો. ૧૦ની પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેમને અનુકુળ હોય તેવા સમયે રોજ ટ્યુશન ઉપરાંત એડમીશન અને પરિક્ષા ફી, અભ્યાસ માટે જરૂરી પુસ્તકો તેમજ સાધન-સામગ્રી વગેરે પૂરૂ પડાય છે. કેટલીયે કન્યાઓ એવી હોય છે કે, સામાજિક અને આર્થિક કારણોસર એમને અભ્યાસ છોડવો પડતો હોય છે પરંતુ નિયમિત પરામર્શ બાદ એમના વાલીઓ પણ આગળ આભ્યાસ માટે મોકલવા તૈયાર થાય છે અને આ કન્યાઓએ પણ સખત મહેનત કરીને સુંદર પરિણામ લાવી આપ્યું છે. દસમાં ધોરણની બોર્ડની પરીક્ષાની તૈયારી ઉપરાંત આ કન્યાઓ સીવણ, હસ્તકલા, મહેંદી જેવા આર્થિક ઉપાર્જનમાં મદદરૂપ થાય તેવાં કૌશલ્યો પણ પ્રાપ્ત કરે છે.

રિલાયન્સ દ્વારા NIOSમાં જોડાતી કન્યાઓની આરોગ્યની જાળવણી અને આંખોની સંભાળ માટે સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે અને એનિમિયા સહિતની આરોગ્ય સંબંધિત તકલીફોની સારવાર પણ અપાય છે. સર્વાંગી વિકાસ માટે આર્થિક, ડિજિટલ સાક્ષરતા અને વ્યાવસાયિક માર્ગદર્શન પણ પૂરૂ પાડવામાંઆવે છે.

## પોલીસ અને સિંચાઈ વિભાગની જળસંગ્રહ માટેની આગવી પહેલ મૂર્તિમંત

# એક સમયે પડતર રહેતી જૂનાગઢની કબુતરી ખાણ આજે જળરાશિથી છલોછલ

### કબુતરી ખાણ પર નિર્મિત ચેકડેમથી ૨.૧૪ મિલિયન ઘન ફૂટ પાણીનો સંગ્રહ : ૩૫૦૦૦ ચોરસ મીટરમાં પાણીનો ફેલાવો





જૂનાગઢ, તા.૪

જૂનાગઢના રાષ્ટ્રવીર છેલભાઈ દવે પોલીસ ટ્રેનિંગ સેન્ટરની પાછળ આવેલ એક સમયે વિરાન ભાસતી અને પડતર એવી કબુતરી ખાણ પોલીસ અને સિંચાઈ વિભાગ-જૂનાગઢના જળસંગ્રહ માટેની આગવી પહેલના પરિણામે, આજે મેઘરાજાની પ્રથમ જ પધરામણીમાં આ કબુતરી ખાણ જળરાશિથી છલોછલ છે.

સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મૌલિક મહેતા જણાવે છે કે, રેન્જ આઈ.જી. મયંકસિંહ ચાવડા દ્વારા કબૂતરી ખાણમાં ચેકડેમ બનાવવા માટેના રજૂ થયેલા વિચારને ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા અને સિંચાઈ વિભાગ-જૂનાગઢે આવકાર્યો હતો. જેથી આ વિરાન ખાણને જળાશયમાં પરિવર્તિત કરવાનું એક અભિયાન શરૂ થયું હતું. રેન્જ આઈ.જી., ધારાસભ્ય અને સિંચાઈ વિભાગના કાર્યપાલક એચ.કે. ઉકાણી તથા તેમની ટેકનીકલ ટીમે સ્થળ ઉપર વિઝીટ કરી, ભૌગોલિક પરિસ્થિતિના અભ્યાસ હાથ ધર્યો હતો.

અહીંયા મહત્તમ જળસંગ્રહ કરવા માટે તાંત્રિક બાબતો ચકાસી ખૂબ જ ટૂંકા ગાળામાં સર્વે અને મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ખાસ કરીને સર્વે માટે સિંચાઈ વિભાગ દ્વારા આધુનિક ડીજીપીએસ ટેકનોલોજી દ્વારા મેપિંગ કરવામાં આવ્યું હતું. શ્રી મહેતા કહે છે કે, આ ચેકડેમનાં નિર્માણ કાર્યને ચોમાસા પહેલાં પૂર્ણ કરવાની નેમ હતી. જે સિદ્ધ પણ થઈ હતી. ડેમ બનાવવાના વિચારણાથી માંડી અંદાજે પાંચેક માસમાં આ કામગીરીને પૂર્ણ કરી દેવામાં આવી હતી. સિંચાઈ વિભાગ દ્વારા નાના - મોટા ડેમ અને કેનાલનું મરામત કાર્ય, સુજલામ સુફલામ જળ અભિયાન જેવા કાર્યોની વ્યસ્તતા વચ્ચે આ ચેકડેમનું નિર્માણ કાર્ય ખૂબ ટૂંકાગાળામાં કરવામાં સફળતા મળી હતી.

કબૂતરી ખાણ પર ભૌગોલિક સ્થિતિ એવી છે કે, આ ચેકડેમથી ૭ થી ૮ કિલોમીટરના વિસ્તારમાં ભૂગર્ભ જળ સ્તરમાં ખૂબ મોટો ફાયદો થશે. આ ચેકડેમની બંને બાજુ એવરેજ ૪ મીટર જેટલા કાંઠા ઊંચા છે, ૩૦ મીટર જેટલું વહેણ પહોળું રહે છે, બે મીટર જેટલી ઉંચાઈમાં બોડીવોલ બનાવવામાં આવી છે, આશરે ૩૫૦૦૦ ચોરસ મીટરમાં પાણીનો ફેલાવો રહે છે. આમ, ૨.૧૪ મિલિયન ઘન ફૂટ પાણીનો સંગ્રહ થાય છે. તેમજ પશ્ચિમ દિશામાં ફોરેસ્ટ રેન્જ વિસ્તાર હોવાથી પશુ પંખી અને વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીનો સ્ત્રોત બની રહેશે આમ, આ ચેકડેમથી અનેકવિધ ફાયદા થશે. તેમ નાયબ કાર્યપાલક ઈજનેર મૌલિક મહેતાએ ઉમેર્યું હતું.

-:: ખાસ અહેવાલ ::-
રોહિત ઉસદડ

# માળીયાહાટીનાના જલંદર ગામે મહાકાલ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી

### પૂ.બાપુના સેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા, મહાપ્રસાદનો લાભ લીધો



(રમેશ કારીયા દ્વારા)
માળીયા હાટીના, તા.૪

'ગુરૂ વિના જ્ઞાન નમળે ગુરૂ બિન જાણેન ભેદ' ગાંડી ગીરની પવિત્ર ભૂમિ ઉપર આવેલ માળીયા હાટીનાના જલંધર ગામે કુદરતી પ્રકૃતિ ખોળે આવેલ મહાકાલ આશ્રમ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાકાલ આશ્રમમાં ગુરૂપૂર્ણિમાની ધામધૂન પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મહાકાલ આશ્રમના મહંત ગિરનારી મસ્તરામબાપુ દ્વારા સૌ પ્રથમ ગુરૂ શ્રી શ્રી ૧૦૦૮ ગોપાલ ગીરીબાપુ આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સાધુ સમાજના પૂજન અર્ચન કરીને આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ બાપુના સેવકો દ્વારા મહંત શ્રી ગિરનારી મસ્તરામબાપુની ગુરૂ તરીકે પૂજન વિધિ કરી અને ઉપસ્થિત તમામ સેવક સમુદાયેબાપુના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ મહાપ્રસાદનો લાભ લીધો હતો મોટી સંખ્યામાં બાપુના સેવકો દ્વારા મહાકાલ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી ઉત્સાહભેર કરી હતી સાથે સત્સંગ સભા યોજાઈ જેમાં મહંત મસ્તારામબાપુ દ્વારા ગુરૂ પૂર્ણિમાનો મહિમા સમજાવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો તેમજ મહેમાનો સાથે પત્રકાર મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી તત્કાલ હનુમાનજી મંદિર માણાવદરના ૨૧માં પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ભવ્ય રીતે યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)
માણાવદર, તા.૪

માણાવદરના બાવા વાડી વિસ્તારમાં તત્કાલ હનુમાનજી મંદિરના ૨૧માં પ્રતિષ્ઠા દિન નિમિત્તે તા.૧/૭/૨૦૨૩ને શનિવારે ૨૫ કુડી શ્રી ગોલ ગાયત્રી યાગ યજ્ઞનું આયોજન થયું. વરસતા વરસાદ વચ્ચે સવારે ૮ વાગ્યા ગો ગાયત્રી યંત્રના ચિત્ર વાળી ધજા સાથે ૨૫ યજમાન પરીવારોએ ગો પૂજન કરી મંદિર પરીસરમાં આવેલા મંદિરોની પ્રદક્ષીણા કરી વરસાદમાં પ્રાર્થના કરી ગોમુત્રાના આચમન બાદ મંદિર હોલમાં બહેનો દ્વારા અગ્નીની સ્થાપના કરી ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞનો પ્રારંભ થયો હતો. સમુહ શ્રી હનુમાનજી ચાલીસાના પાઠ શ્રી ગણેશ મંત્ર માળા, હોમ, શ્રી ગાયત્રી મંત્ર માળા હોમ, શ્રી સુરભી ગો માતા મંત્ર હોમ, શ્રી હનુમાનજી મંત્ર માળા હોમ, નવ ગ્રહો હોમ સાથે વિવિધ આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. ૨૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના દર્શન અને ૧૨ કલાકના અખંડ શ્રી હનુમાન ચાલીસાના પાઠનો લાભ લેવા અને દર્શન કરવા માટે સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ઉરેશભાઈ રાવલ, લોક પ્રિય તબીબ અને નર્મદા પરીક્રમા વાસી ડો.પંજકભાઈ જોષી, જી. યુવા કથાકાર પૂજય રમેશભાઈ જાની, શ્રી ગુરૂ મંદિ રાજકોટના પૂજય સાઈ સુખદેવ લાભ મોહી નાણીના આદેશ અને અનુગ્રહથી માણાવદરના વેપારી આગેવાન કારાભાઈ સતનામ વાળા ૨૫ કુંડી યાગ યજ્ઞ યજમાનો દ્વારા ૨૫ હજાર આહુતિઓ તત્કાલ હનુમાનજી મહારાજનો અર્પણ કર્યા કરી છે. દિપક મટે તુલસી દાંડી જુડી, ચકલી ઘર, અબોલ જીવ માટે ચણ અનો જળ માટે માટીનું પાત્ર સપ્રેમ ભેટ કરવામાં આવ્યું હતું. ગુરૂ પૂર્ણિમાના અવસર પૂર્વે ભારત માતાના ચિત્રને વંદન કરી ભારત વર્ષાનું મંગલ થાય રાજ સત્તા દ્વારા સુખાકારી રાષ્ટ્ર પ્રગતિ કરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ સંયોજક ગો ઉપાસકમાં નર્મદા પ્રેમી બ્રહ્મ પુત્ર મો રાવલના માર્ગદર્શન મુજબ શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના મુખ્ય આચાર્ય પૂજય મહેશભાઈ જોષી, આચાર્ય કમલેશભાઈ મહેતા અને વિપ્ર વૃંદે માનદ સેવા આપી હતી. ૨૫ કુંડી યાગને સફળ બનાવવા માટે તત્કાલ હનુમાન મંદિરના પૂજારી ભીખુ પૂરી ગોસ્વામી શ્રી ગાયત્રી મંદિરના ટ્રસ્ટી ગણ તથા અન્ય સેવકો ભારે જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# માનસ યોગ સાધના કેન્દ્ર ખાતે ગુરૂ પુર્ણિમાની થયેલ ઉજવણી



જૂનાગઢ, તા.૪ : માનસ યોગ સાધના કેન્દ્ર તુલસી ભવન, ગિરનર દરવાજા જૂનાગઢ ખાતે ગુરૂ પૂર્ણિમાના દિવસે ગઈકાલે સવારના ૫:૩૦ થી ૮ ગુરૂ પૂર્ણિમાનો કાર્યક્રમ સત્સંગ, ભજન, ધ્યાન તેમજ યોગ સાથે સાધકોની હાજરીમાં ખુબ ઉત્સાહ પૂર્ણ ઉજવવામાં આવ્યો તેમજ પ્રસંગોચિત વકતવ્ય ડો.દેવેન ધ્રુવ દ્વારા આપવામાં આવ્યું હતું.

# ઉના પંથકમાં ગુરૂપૂર્ણિમાની ભાવભેર ઉજવણી : વિવિધ કાર્યક્રમો યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)
ઉના, તા.૪

ગુરૂ પૂર્ણિમા ના પાવન દિવસે ઊના પંથકના તપોવન આશ્રમ ચાચકવડ, ગુપ્ત પ્રયાગ, વાજડી હનુમાન મંદિર, સીમર જગજીવન બાપુ સેવા આશ્રમ સીમર, દેલવાડાના બાલા હનુમાન મંદિર, શ્યામ કુંડ દેલવાડા રોકડીયા હનુમાન મંદિર ઉના વગેરે આશ્રમ અને મદિરોમાં સવારે ગુરૂ પાદુકા પૂજન, ગુરૂ પૂજન, આરતી ભજન અને ધૂન યોજાઈ હતી. બપોરે મહા પ્રસાદ અને બટુક ભોજનમાં હજારો ભકતોએ લાભ લઈ ધન્ય બન્યા હતા.

# યાત્રાધામ દ્વારકામાં અખંડ હરિનામ સંકીર્તન મંદિરમાં ગુરૂપૂર્ણિમાં મહોત્સવ ઉજવાયો



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા, તા.૪

દ્વારકા ખાતે શ્રી પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત અખંડ હરિનામ સંકીર્તન મંદિર રામધૂનમાં અષાઢ સુદ ૧૫ને સોમવારના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવ ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ હતો. નામનિષ્ઠ સંત પૂ. પ્રેમભિક્ષુજી મહારાજને તેમના ગુરૂ કાશ્મીરીબાબા પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હોવાના કારણે દર વર્ષે દ્વારકાના સંકીર્તન મંદિરમાં ગુરૂપૂર્ણિમાં ઉત્સવ ભક્તિમય વાતાવરણમાં ગુરૂના વિશેષ પૂજન સાથે હર્ષોલ્લાસથી ઉજવાય છે જે અનુસાર ૧૦:૩૦થી ૧૨ વાગ્યા સુધી અભિષેક પૂજા-આરતી તથા ગુરૂપૂજનનો કાર્યક્રમ યોજાયો. ગુરૂપૂજન વૈદિક મંત્રોચ્ચાર સાથે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ બપોરે ૧૨:૩૦ કલાકે ગુરૂપ્રસાદી (ભોજન) કાર્યક્રમ યોજાયેલ આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમોનો શહેરની મોટાભાગની ધર્મપ્રેમી જનતાએ લાભ લીધેલ અને આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત સંકીર્તન મંદિર ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓ તથા શહેરના નામપ્રેમી સ્વંય સેવકોએ જહેમત ઉઠાવેલ હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દેશમાં સમાન નાગરીક સંહિતાને લાગુ કરવાનો અવસર આવી ગયો છે

સંપૂર્ણ સંપ્રભુતા-સંપન્ન, સમાજવાદી, ધર્મનિરપેક્ષ, લોક્તંત્રાત્મક, ગણરાજ્ય ભારતના બંધારણ અંતર્ગત ભાગ-૪માં 'સમાન નાગરિક સંહિતા' અનુચ્છેદ-૪૪ના માધ્યમથી રાજ્યના નીતિ-નિર્દેશક તત્ત્વોમાં વર્ણિત છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 'રાજ્ય, ભારતના સમસ્ત રાજ્યક્ષેત્રમાં નાગરિકો માટે એક સમાન નાગરિક સંહિતા પ્રાપ્ત કરાવવાનો પ્રયાસ કરશે.' અહીં એ ધ્યાન આપવું જરૂરી છે કે આજ બંધારણના અનુચ્છેદ-૩૭માં એ પણ પરિભાષિત છે કે રાજ્યના નીતિ નિર્દેશક તત્ત્વ સંબંધી જોગવાઈઓને કોઈપણ ન્યાયાલય દ્વારા પ્રવર્તિત નહીં કરી શકાય, પરંતુ તેમાં સમાયેલ સિધ્ધાંત શાસન વ્યવસ્થામાં મૌલિક પ્રકૃતિના હશે. 'સમાન નાગરિક સંહિતા'થી દેશના પ્રત્યેક નાગરિક માટે એક સમાન કાયદો હોય છે, ચાહે તે કોઈપણ ધર્મ, જાતિ કે સમુદાયથી કેમ ન હોય. હાલમાં મુસલમાનો, ઈસાઈઓ અને પારસીઓ માટે પોતાના અલગ-અલગ વ્યક્તિગત નિયમ છે, જ્યારે હિંદુ દિવાની કાયદા અંતર્ગત હિંદુ, શીખ, જૈન અને બૌધ્ધ આવે છે.

ભારતમાં સામયિક પ્રચલિત વ્યવસ્થાથી વિપરીત, 'સમાન નાગરિક સંહિતા' આ વિચાર પર આધારિત છે કે સભ્ય સમાજમાં ધર્મ અને વ્યક્તિગત કાયદા વચ્ચે કોઈ સંબંધ નથી હોતો તથા તેમાં વિવાહ, તલાક, ભરણ-પોષણ, બાળકો દત્તક લેવા, સંરક્ષકતા-વારસો અને સંપત્તિના ભાગલા/ઉત્તરાધિકાર જેવા તમામ વિષયોને ધર્મો-જાતિઓ-સમુદાયો માટે સમાન રૂપે લાગુ કરવામાં આવે છે. ભારતમાં સમાન નાગરિક સંહિતાવાળા 'ગોવા' રાજ્ય ઉપરાંત વર્તમાનમાં મોટાભાગના ભારતીય કાયદા જેમ ભારતીય અનુબંધ અધિનિયમ, ૧૮૭૨, અધિનિયમ, ૧૮૭૨, સંપત્તિ હસ્તાંતરણ અધિનિયમ, ૧૮૮૨, નાગરિક પ્રક્રિયા સંહિતા, ૧૯૦૮, માલ-વિક્રય અધિનિયમ, ૧૯૩૦, ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨, દંડ પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ વગેરે આખા ભારતવર્ષમાં સંપૂર્ણ એકરૂપતાથી લાગુ કરવામાં આવે છે.

નાગરિક કાયદામાં પણ સમરૂપતા લાવવા માટે અલગ-અલગ સમય પર ન્યાયપાલિકાએ હંમેશાં પોતાના નિર્ણયોમાં પૂરજોર અવાજ ઉઠાવ્યો છે કે સરકારે સમાન નાગરિક સંહિતા સુનિશ્ચિત કરવાની દિશામાં પ્રયાસ કરવો જોઈએ. આ સંદર્ભે શાહબાનો મામલે આપવામાં આવેલ ૧૯૮૫નો નિર્ણય સર્વવિદિત છે, તથા ૧૯૯૫નો સરલા મુદ્ગલ કેસ તથા ૨૦૧૭નો શાયરા બાનો કેસ પણ આ સંબંધે ઘણા ચર્ચિત છે. હવે પ્રશ્ન ઊઠે છે કે જે દેશમાં સદીઓથી 'અનેકતામાં એક્તા'ના નારા લાગતા આવ્યા હોય તો પછી વ્યક્તિગત કાયદામાં એકરૂપતાથી વાંધો શો? ધર્મનિરપેક્ષ ગણરાજ્યમાં ધાર્મિક પ્રથાઓના આધારે વિભેદ કરનારા નિયમ કેમ? એક બંધારણવાળા આ દેશમાં લોકોના અંગત બાબતોમાં પણ એક કાયદો કેમ નથી? શું ધાર્મિક પ્રથાઓનું બંધારણીય સંરક્ષણ મૌલિક અધિકારોને અનુરૂપ ન હોવું જોઈએ? એકરૂપતાથી દેશમાં રાષ્ટ્રવાદી ભાવનાને બળ આપવામાં વાંધો શો? પર્સનલ લોમાં રહેલ લૈંગિક ભેદભાવનો પક્ષધર કોણ?

જ્યાં એક તરફ અલ્પસંખ્યક સમુદાય નાગરિક સંહિતાને બંધારણના અનુચ્છેદ-૨૫નું હનન માને છે, ત્યાં જ બીજી તરફ બહુસંખ્યક સમાન નાગરિક સંહિતાની ઉણપને અનુચ્છેદ-૧૪નું અપમાન માને છે. ધ્યાનાકર્ષણ વાત એ છે કે અનુચ્છેદ-૨૫ કોઈપણ ધર્મને માનવા અને પ્રચારની સ્વતંત્રતાને સંરિક્ષત કરે છે, જ્યારે અનુચ્છેદ-૧૪ નિહિત સમાનતાની અવધારણાને સંરિક્ષત કરે છે. સમયની નજાકત છે કે સમાન નાગરિક સંહિતાની નાજુકતા માત્ર સાંપ્રદાયિકતાની રાજનીતિ સંદર્ભે ન કરવી જોઈએ. તમામ વ્યક્તિગત કાયદામાંથી પ્રત્યેકમાં પૂર્વગ્રહ અને રૂઢિવાદી પાસાંને રેખાંકિત કરીને મૌલિક અધિકારોના આધાર પર તેમનું પરીક્ષણ કરવું જોઈએ. ધાર્મિક રૂઢિવાદી દષ્ટિકોણને બદલે સમાન નાગરિક સંહિતાને ચરણબદ્ધ રીતે લોકહિતમાં સ્થાપિત કરવી અપેક્ષિત પણ છે અને જરૂરી પણ. એ વાતમાં કોઈ બેમત નહીં કે તમામ વ્યક્તિગત કાયદાને સંહિતાબદ્ધ કરવા પ્રયોજનીય છે અને આ પ્રક્રિયા ન્યાયિક પ્રણાલીને અત્યધિક સરળ-સહજ અને પ્રત્યક્ષ-પર્યાપ્ત બનાવવામાં માઈલસ્ટોન સાબિત થશે.

ભારત જેવા વિવિધતાપૂર્ણ વિકાસશીલ દેશમાં જ્યાં વિભિન્ન ધર્મોના લોકો રહે છે, તમામ નાગરિકો સાથે સમાન વ્યવહાર કરાવો જોઈએ અને ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર ભારતની અનિવાર્યતા છે કે ધાર્મિક સ્થળો/આયોજનોના સરકારી પ્રયોજનને બંધારણમાં વર્જિત કરવા જોઈએ. ન્યાયાધીશ ઋતુરાજ અવસ્થીના કુશળ નેતૃત્વમાં બાવીસમાં ભારતીય કાયદા પંચ દ્વારા જાહેર સૂચનાના માધ્યમથી મોટા પાયે જનતા અને માન્યતાપ્રાપ્ત ધાર્મિક સંગઠનો પાસેથી વિચારોને આમંત્રિત કરવાની પહેલ ઉલ્લેખનીય હોવાની સાથે જ પ્રશંસનીય પણ છે. સમાન નાગરિક સંહિતાથી દેશમાં વિભિન્ન ધર્મોના લોકોમાં ધાર્મિક મતભેદો ઓછા કરવામાં મદદ મળશે, કમજોર વર્ગોને સુરક્ષા મળશે, કાયદા સરળ થશે અને ધર્મનિરપેક્ષતાના આદર્શનું પાલન કરતાં લૈંગિક ન્યાય સુનિશ્ચિત થશે. પરંતુ સરકારે લોકો, વિશેષ કરીને અલ્પસંખ્યકોની આશંકાઓને દૂર કરવી પડશે અને તેમને આશ્વસ્ત કરવા પડશે કે તેમના અધિકારોનું ઉલ્લંઘન નહીં કરવામાં આવે. આ જ સંદર્ભે લોકતાંત્રિક વ્યવસ્થામાં ચોથા સ્તંભના દાયિત્વને સકારાત્મક રૂપે નિભાવતાં મીડિયાની ભૂમિકા અત્યધિક મહત્ત્વપૂર્ણ થઈ જાય છે, કારણ કે મીડિયા રાષ્ટ્રનું સંસાધન હોય છે અને તેની વિશ્વસનીયતા જનતાનાં હિતો અને જનવિશ્વાસ પર જ ટકેલું હોય છે. મીડિયાને ભારતીય કાયદા પંચની જાહેર સૂચના વિશે મોટા પાયે જનતાને જાગૃત કરવી જોઈએ. સાથે જ સ્વતંત્ર રૂપે સ્વસ્થ ચર્ચા ચલાવવી જોઈએ જેથી પરિપક્વ લોકતંત્રામાં જનભાગીદારીને સુનિશ્ચિત કરી શકાય.

અંતે ભારત જેવા વિવિધતાપૂર્ણ, વિકાસશીલ, વિશાળકાય દેશમાં સમાન નાગરિક સંહિતાનું કાર્યાન્વયન સમયની માંગ જ નહીં, પણ બંધારણનું માન પણ છે. જે અનુચ્છેદ આટલાં વર્ષોથી મૃતપ્રાય રહ્યો છે તેને લાગુ કરવાનો હવે ઉચિત અવસર આવી ગયો છે. નિઃસંદેહ, આ સરકાર અને પ્રત્યેક હિતધારક માટે એક પડકારજનક કામ હશે, પરંતુ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે લોકોએ તેમાં યોગદાન આપવું જોઈએ અને તેના વિશે પોતાના બહુમૂલ્ય સૂચનો પ્રદાન કરી રાષ્ટ્રવ્યાપી યજ્ઞમાં પોતાની પુણ્ય આહુતિ આપવી જોઈએ, જેથી બંધારણ સર્વોપરિ સિધ્ધ થઈ શકે.

# કોઈ દેશ આ ખાલિસ્તાનીઓને આશ્રય આપશે તો બંન્ને દેશના સંબંધો પર પડશે : ડૉ. એસ જયશંકર



નવી દિલ્હી,તા.૪

ખાલિસ્તાન સમર્થકોએ કેનેડામાં ભારતીય રાજદ્વારીઓને ધમકી આપી છે. આનું એક પોસ્ટર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. જેમાં ૮મી જુલાઈએ ખાલિસ્તાની રેલી કાઢવાની પણ વાત છે. જોખમને જોતા ભારતે ચેતવણી આપી છે કે, જો કોઈ દેશ ખાલિસ્તાન તરફીઓને આશ્રય આપશે તો તેની સીધી અસર આપણા સંબંધો પર પડશે.ખાલિસ્તાન સમર્થકોએ કેનેડામાં ભારતીય રાજદ્વારીઓને ધમકી આપી છે. આનું એક પોસ્ટર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. જેમાં ૮મી જુલાઈએ ખાલિસ્તાની રેલી કાઢવાની પણ વાત છે. જોખમને જોતા ભારતે ચેતવણી આપી છે કે જો કોઈ દેશ ખાલિસ્તાનીઓને સ્થાન આપશે તો તેની સીધી અસર આપણા સંબંધો પર પડશે.પોસ્ટરમાં સામેલ ભારતીય રાજદ્વારીઓના નામ પર વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે કહ્યું કે અમે કેનેડા, યુએસએ, યુકે અને ઓસ્ટ્રેલિયા જેવા અમારા સહયોગી દેશોને વિનંતી કરી છે કે તેઓ ખાલિસ્તાનીઓને આશ્રય ન આપે. તેમણે કહ્યું કે જો કોઈ દેશ આ ખાલિસ્તાનીઓને આશ્રય આપશે તો પણ તેની સીધી અસર બન્ને દેશના સંબંધો પર પડશે. વિદેશ મંત્રીએ વધુમાં કહ્યું કે તેઓ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા પોસ્ટરનો મામલો ઓટાવા અને કેનેડા સરકાર સમક્ષ પણ ઉઠાવશે.સોશિયલ મીડિયા પર એક પોસ્ટર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. ખાલિસ્તાન સમર્થક અને આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરને પોસ્ટરમાં 'શહીદ' તરીકે દર્શાવવામાં આવ્યા છે. જ્યારે, કેનેડા સ્થિત બે ભારતીય રાજદ્વારીઓને 'હત્યારા' તરીકે ઓળખવામાં આવ્યા છે. આ પોસ્ટરમાં ઓટાવામાં ભારતના હાઈ કમિશનર સંજય કુમાર વર્મા અને ટોરોન્ટોમાં કોન્સલ જનરલ અપૂર્વ શ્રીવાસ્તવને ધમકી આપવામાં આવી હતી. તેમજ ૮ જુલાઈએ બપોરે ૧૨.૩૦ કલાકે રેલીની પણ વાત કરવામાં આવી રહી છે. તેને 'ખાલિસ્તાન ફ્રીડમ રેલી' કહેવામાં આવી રહી છે. પોસ્ટર અનુસાર, તે ગ્રેટ પંજાબ બિઝનેસ સેન્ટરથી શરૂ થશે અને ભારતીય દૂતાવાસ સુધી જશે. પોસ્ટરની નીચે બે મોબાઈલ નંબર પણ લખેલા છે.

# રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૩૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ : સરદાર સરોવર ડેમ ૫૫ ટકાથી વધુ ભરાયો

ગાંધીનગર તા.૪

ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં તા. ૦૩ જુલાઈએ સવારે આઠ કલાકની સ્થિતિએ કુલ ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૩૮.૬૧ ટકા પાણીનાં જથ્થાનો સંગ્રહ થયો છે.

ગત વર્ષે આ સમયે ૩૭.૧૬ ટકા સામે આ વર્ષે ૪૪.૩૮ ટકા જળાશયો ભરાયા છે તેમ, સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે.

જ્યારે ગુજરાતના ૧૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ એટલે સંપૂર્ણ છલકાયા છે. ૨૯ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૫૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે.

રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાનું મુંજીયાસર, ધાતરવાડી, વાડિયા, સંક્રોલી, સુરજવાડી, ગીર સોમનાથનું મચ્છુન્દ્રિ, જુનાગઢનું ઉબેન, હસનપુર, મોટા ગુજેરીયા, રાજકોટનું મોજ, સોદવદર, કચ્છનું કંકાવટિ, ગજાનસર, કાલાગોગા અને ડોન, જામગનરનું વઘાડીયા, સપાડા અને રૂપારેલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા જળાશયનો સમાવેશ થાય છે તેમ, અહેવાલમાં જણાવાયું છે.

આ સિવાય હાલમાં ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયો ૪૮.૭૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો ૩૦.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો ૩૫.૩૯ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૫૦.૯૫ ટકા, તેમજ સૌરાષ્ટ્રના કુલ-૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે. રાજ્યના દૈનિક ૫૦૦૦થી વધુ કયુસેક પાણીની આવક ધરાવતા જળાશયોમાં સરદાર સરોવરમાં ૪૩,૦૭૬ કયુસેક, દમણગંગામાં ૬,૮૭૨ અને હિરણ-૨માં ૫,૧૯૯ કયુસેક પાણીનો સમાવેશ થાય છે તેમ, ફ્લડ કન્ટ્રોલ સેલના અહેવાલમાં વધુમાં જણાવાયું છે.

# ફેસબુક યુઝર્સ સીધા ફેસબુક પરથી એપ્સ ડાઉનલોડ કરી શકશે




નવી દિલ્હી, તા.૪

ટૂંક સમયમાં ફેસબુક યુઝર્સ સીધા ફેસબુક પરથી જ એપ્સ ડાઉનલોડ કરી શકશે. મેટા ગૂગલના પ્લેસ્ટોર અને એપલના એપસ્ટોરને બાયપાસ કરવા માંગે છે અને યુઝર્સને ફેસબુક પરથી સીધા જ એપ્સ ડાઉનલોડ કરવાની મંજૂરી આપે છે. કંપની તેને યુરોપિયન યુનિયનમાં લોન્ચ કરવાનું વિચારી રહી છે. યૂઝર્સ એક ક્લિકમાં અહીંથી સીધા જ જાહેરાતમાં દર્શાવેલ એપ ડાઉનલોડ કરી શકશે. મેટા તરફથી આ સમાચાર આવ્યા છે કારણ કે ઈયુના ડિજિટલ માર્કેટ એક્ટ, જે મોટી ટેક કંપનીઓને તેમના પ્લેટફોર્મ પર વૈકલ્પિક એપ સ્ટોર્સને મંજૂરી આપવાનું ફરજિયાત કરે છે, તે આવતા વર્ષથી અમલમાં આવવાની તૈયારીમાં છે. એન્ડ્રોઈડ પહેલાથી જ તેના યુઝર્સને એપ્સ સાઈડલોડ કરવાની મંજૂરી આપે છે. જો કે ગૂગલ તેના ઈન-એપ બિલિંગને લિંક કરીને અને પ્લે સ્ટોર સાથે લાઈસન્સ આપીને તેને મુશ્કેલ બનાવે છે. જો કે આ હોવા છતાં મેટા ટૂંક સમયમાં જ એન્ડ્રોઈડ યુઝર્સ સાથે આ નવો પ્રોજેક્ટ શરૂ કરી શકે છે. મેટાએ ડેવલપર્સને પાયલોટ પ્રોગ્રામમાં જોડાવા કહ્યું છે અને તેમને ખાતરી પણ આપી છે કે તેમની એપ્લિકેશન્સ આ પ્લેટફોર્મ પરથી વધુ ડાઉનલોડ કરવામાં આવશે કારણ કે યુઝર્સ અહીંથી સીધા જ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકશે. આ માટે તેમણે પ્લેસ્ટોર પર જવાની જરૂર નહીં પડે. હાલમાં કંપની કોઈપણ એપ્લિકેશન માટે કોઈ ચાર્જ લેશે નહીં. ડેવલપર્સ પોતાની રીતે એપ્સનું બિલિંગ કરી શકે છે. EUના ડિજિટલ માર્કેટ એક્ટ અમલમાં આવ્યા પછી મેટા એકમાત્ર એવી કંપની નથી કે જે મોબાઈલ એપ્સનું વિતરણ કરવામાં રસ ધરાવતી હોય. માઈક્રોસોફ્ટ યુઝર્સને સાઈડલોડિંગનો વિકલ્પ પણ આપવા માંગે છે. એવું માનવામાં આવે છે કે કંપની આવતા વર્ષે યુરોપમાં iOS અને Android પર ગેમ માટે વૈકલ્પિક એપ સ્ટોર શરૂ કરી શકે છે.

# ૪૦૦થી વધુ અમરનાથ યાત્રા પર જતા નકલી મુસાફરોની નોંધણીનો ખુલાસો



જમ્મુ-કાશ્મીર,તા.૦૪

જમ્મુ-કાશ્મીરથી અમરનાથ યાત્રા આજે એટલે કે શનિવારે શરૂ થઈ ગઈ છે. જમ્મુ અને કાશ્મીર પ્રશાસને બાલતાલથી અમરનાથ યાત્રાના યાત્રિકોના પ્રથમ બેચને દર્શન માટે પવિત્ર ગુફા તરફ રવાના કર્યા છે. દરમિયાન, આ યાત્રા પર જતા ૪૦૦ થી વધુ યાત્રાળુઓની નોંધણી પરમિટ નકલી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે માહિતી આપતાં જમ્મુ-કાશ્મીરના અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ, કઠુઆ અને સાંબા જિલ્લામાંથી અમરનાથ યાત્રા માટે જઈ રહેલા ૪૩૦ થી વધુ શ્રદ્ધાળુઓની નોંધણી પરમિટ નકલી હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતના ખુલાસા બાદ કેસ નોંધવામાં આવ્યો છે અને પોલીસે પણ તપાસ શરૂ કરી છે. જમ્મુ અને કઠુઆ જિલ્લાના લખનપુર એન્ટ્રી પોઈન્ટ પર ૩૬૫ લોકો નકલી નોંધણી પરમિટ સાથે પકડાયા હતા જ્યારે ૬૮ લોકો સાંબા જિલ્લામાંથી પકડાયા હતા. જમ્મુ જિલ્લા વહીવટીતંત્રે પોલીસની મદદથી આ વર્ષે ૩૦૦ નકલી નોંધણી પરમિટ શોધી કાઢી છે. તે જ સમયે, કઠુઆમાં ૬૫ નકલી નોંધણી પરમિટ મળી આવી છે. જમ્મુના ડેપ્યુટી કમિશનર અવની લવાસાએ કહ્યું કે તીર્થયાત્રીઓએ અમરનાથ શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ અને યોગ્ય રજીસ્ટ્રેશન કાઉન્ટર પર જ નોંધણી કરાવવી જોઈએ. તે જ સમયે, તેમણે યાત્રાળુઓને અપીલ કરી છે કે તેઓ કોઈપણ પ્રકારની મુશ્કેલી ટાળવા માટે તેમની નોંધણી પરમિટ અગાઉથી તપાસી લે. અધિકારીઓએ જણાવ્યું કે લખનપુર એન્ટ્રી પોઈન્ટ પર પહોંચ્યા બાદ શ્રી અમરનાથ જી શ્રાઈન પોર્ટલ પર ઈ-કેવાયસી દરમિયાન ૬૫ અમરનાથ યાત્રીઓની વિગતો ખોટી મળી હતી. જ્યારે કઠુઆ પ્રશાસને આ મામલાની તપાસ કરી તો કેટલીક ટ્રાવેલ એજન્સી દ્વારા મુસાફરો સાથે છેતરપિંડીનો ખુલાસો થયો. આ પછી, છેતરપિંડી કરનારાઓ સામે કડક કાર્યવાહી માટે મામલો પોલીસને સોંપવામાં આવ્યો હતો. એ જ રીતે, સાંબા જિલ્લામાં જેમની નોંધણી પરમિટ નકલી હોવાનું જાણવા મળ્યું હતું, તેઓએ પણ જણાવ્યું કે તેમની નકલી નોંધણી ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના રહેવાસી રાહુલ ભારદ્વાજે કરી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કષ્ટ આવતા પહેલા મનુષ્યની બુધ્ધિ વિપરીત બની જાય છે.

- ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ વદ-૧ ઈષ્ટી, સૌરાષ્ટ્રમાં મોળાકતના પારણા, હિંડોળા પ્રારંભ તા.૪ જુલાઈ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૧૫, પૂર્વાષાઢા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ સવારે ૮:૨૪ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), બપોરે ૧:૪૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ : નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન : જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક : મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ : જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા : ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા : મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક : સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન : આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર : નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ : ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન : નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

# ક્યૂઆર કોડને સ્કેન કરીને વોટ્સએપ ચેટને બીજા ફોનમાં ટ્રાન્સફર કરી શકાશે



નવી દિલ્હી, તા.૪

તમે તમામ લોકો વોટ્સએપ નો ઉપયોગ કરતા હશો. વોટ્સએપ ની સાથે સૌથી મોટી મુશ્કેલી ચેટ ટ્રાન્સફરને લઈને હંમેશાથી થતી રહી છે. અમુક થર્ડ પાર્ટી એપ વોટ્સએપ ચેટ ટ્રાન્સફરની સુવિધા આપે છે પરંતુ તેમાં ડેટા લીક થવાનું જોખમ રહે છે. હવે વોટ્સએપ એ ચેટ ટ્રાન્સફર કરવા માટે સૌથી શાનદાર ફીચર આપી દીધુ છે. હવે તમે ક્યૂઆર કોડને સ્કેન કરીને વોટ્સએપ ચેટને એક ફોનથી બીજા ફોનમાં ટ્રાન્સફર કરી શકો છો. મેટા સીઈઓ માર્ક ઝકરબર્ગે પોતાની એક ફેસબુક પોસ્ટ દ્વારા વ્હોટ્સએપના આ ફીચરની જાણકારી આપી છે. વોટ્સએપની ચેટ હિસ્ટ્રીને હવે સરળતાથી ટ્રાન્સફર કરવામાં આવી શકશે. ઝકરબર્ગે કહ્યુ કે આ સંપૂર્ણરીતે સિક્યોર હશે. ચેટની સાઈઝને લઈને કોઈ મુશ્કેલી પડશે નહીં એટલે કે તમારી ચેટમાં મોટી-મોટી ફાઈલો કે અટેચમેન્ટ છે તો પણ ચેટ આરામથી ટ્રાન્સફર થઈ જશે. આ સાથે શરત એ છે કે બંને ડિવાઈસમાં એક જ ઓપરેટિંગ સિસ્ટમ હોવી જોઈએ એટલે કે ચેટ ત્યારે જ ટ્રાન્સફર થશે જ્યારે બંને ફોન આઈફોન હોય અથવા તો એન્ડ્રોયડ હોય એટલે કે આઈફોનથી એન્ડ્રોયડ અને એન્ડ્રોયડથી આઈફોનમાં ક્યૂઆર કોડને સ્કેન કરીને ચેટને ટ્રાન્સફર કરી શકાશે નહીં. માર્ક ઝકરબર્ગે આનો એક વીડિયો પર શેર કર્યો છે.મેટા સીઈઓ માર્ક ઝકરબર્ગે પોતાની એક ફેસબુક પોસ્ટ દ્વારા વ્હોટ્સએપના આ ફીચરની જાણકારી આપી હાલ ચેટને ટ્રાન્સફર કરવા માટે ક્લાઉડ બેકઅપનો ઉપયોગ થાય છે. ક્યૂઆર કોડ સ્કેન વાળી પ્રોસેસમાં ડેટા ક્લાઉડ પર બેકઅપ થશે નહીં. સૌથી સારી વાત એ છે કે તમારે પોતાના વ્હોટ્સએપ ડેટાનું બેકઅપ લેવાની જરૂર પણ નથી. આ પ્રક્રિયા એટલે કે ક્યુઆર કોડ સ્કેનથી ચેટ ટ્રાન્સફર કરવા માટે વ્હોટ્સએપ લોકલ વાઈ-ફાઈ નેટવર્કનો ઉપયોગ કરે છે એટલે કે આ બે ડિવાઈસની વચ્ચે એક વાઈ-ફાઈ નેટવર્ક બનાવે છે. ક્યૂઆર કોડથી ચેટ ટ્રાન્સફર કરવા માટે જૂના ફોનના વોટ્સએપની સેટિંગમાં જવુ પડશે અને પછી ચેટ પર ક્લિક કરીને ચેટ્સ ટ્રાન્સફરમાં જવુ પડશે. જે બાદ ક્યુઆર કોડ સ્કેન કરવાનું ઓપ્શન મળશે જેને તમારે નવી રીતે સ્કેન કરવુ પડશે.

# ભારત ડિજિટલ ઈનોવેશનમાં ગ્લોબલ લીડર તરીકે ઊભર્યું છે : ગુજરાતની હવામાં પણ વેપાર

## ભારતની G20 અધ્યક્ષતા અંતર્ગત સુરતમા યોજાયેલ “B20 સુરત મીટ”માં કેન્દ્રીય મંત્રી સોનોવાલનું સંબોધન

ગાંધીનગર, તા.૪

આ વર્ષે ભારતની G20 પ્રેસિડેન્સી હેઠળ જૂલાઈ મહિનામાં ગુજરાતમાં B20 (બિઝનેસ ૨૦) અને G20 વર્કિંગ ગ્રૂપની બેઠક તેમજ મંત્રી સ્તરની બેઠકો યોજાઈ રહી છે, જેના ભાગરૂપે સુરત ખાતે CII ગુજરાત કેન્દ્રીય બંદર, શિપિંગ અને આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલની ઉપસ્થિતિમાં ‘B20 સુરત મિટ’ યોજાઈ હતી, જેમાં ટેક્સટાઈલ, ફાઈનાન્સ, બેન્કિંગઅને ડાયમંડ જેવા વિવિધ બિઝનેસ સેક્ટરનું પ્રતિનિધિત્વ કરતા G20 દેશોના આશરે ૨૦૦ પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. પ્રતિનિધિઓએ દેશમાં બિઝનેસ, ઈન્ડસ્ટ્રીયલ પોલિસી, રોકાણ અને વ્યાવસાયિક ભાવિ તકો જેવા વૈવિધ્યપૂર્ણવિષયો ઉપર વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, ભારતે G20 દેશોનું પ્રમુખપદ સંભાળ્યું છે અને સભ્ય દેશોના સહયોગથી ભારત ગ્લોબલપ્રોબ્લેમ્સના વ્યવહારિક વૈશ્વિક ઉકેલો શોધવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ભારત ડિજીટલ ઈનોવેશનમાં ગ્લોબલ લીડર તરીકે આગવી રીતે ઉભર્યું છે. વડાપ્રધાનશ્રી ‘યુથ લેડ ડેવલપમેન્ટ’ના દ્રઢ આગ્રહી છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ લિવિંગમાં નવા આયામો સર કરવામાં ભારત સરકારની હકારાત્મક નીતિઓ કારણભૂત છે. B20 સુરત સમિટ દેશના વિકાસને ગતિ આપવામાં અને સકારાત્મક મનોમંથન બાદ નવા પરિમાણો અને પરિણામો પ્રાપ્ત કરવાનું એક અનેરૂ પ્લેટફોર્મ પૂરવાર થશે. ગુજરાતની ધરતી ઉપર હવામાં પણ વેપાર છે એવી રમૂજ કરતા તેમણે ગુજરાતીઓની વ્યાપારી સાહસવૃત્તિને બિરદાવી હતી, દેશના અર્થતંત્રને ધબકતું રાખવામાં ગુજરાત અને ગુજરાતીઓની મહેનત કાબિલેદાદ હોવાનું તેમણે ઉમેર્યું હતું. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું કે, વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ સમાન ગિફ્ટ સિટી, ગ્રીન મોબિલિટી ઉપર આધારિત ધોલેરાએસઆઈઆર- સ્માર્ટ સિટી પ્રોજેક્ટ રાજ્યના અવિરત વિકાસનો મજબૂત પાયો બનવા તરફ આગળ વધી રહ્યા છે, જે આવનારા દિવસોમાં વાયબ્રન્ટ ફાઈનાન્શિયલ ઓપરેશન્સ, આર્થિક ગતિવિધિઓનું કેન્દ્ર બિંદુ બનવાનું છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. માંડલ-બેચરાજી એસઆઈઆર ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે. સુરતના ખજોદ સ્થિત ડ્રીમ સિટીમાં ડાયમંડ બુર્સ ૫,૫૦૦ હીરા ઉદ્યોગકારો-વ્યાપારીઓના સમૂહ દ્વારા નિર્માણ પામેલ વિશ્વનું સૌપ્રથમ કોમર્શિયલ ઓફિસ બિલ્ડીંગ બનશે. ભારત સરકાર વર્ષ ૧૯૯૦થી સેમિ કન્ડકટર પ્લાન્ટ સ્થાપવા માટે પ્રયાસો કરી રહી હતી, જે પ્લાન્ટ સ્થાપવા માટે કોઈ પણ દેશને ૨ થી ૩ વર્ષ લાગે પરંતુ રાજ્ય અને કેન્દ્ર સરકારે સાથે મળી માત્ર પાંચ મહિનામાં જ જમીન ફાળવણી સહિત તમામ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી. આ પ્લાન્ટ સ્થાપવા માટે માઈક્રોન સાથેના એમ.ઓ. યુ.ના કારણે ગુજરાત સેમી કન્ડકટર બનાવતુ દેશનું પ્રથમ રાજ્ય બનશે, જેના કારણે હજારો યુવાઓ માટે નોકરીઓનું સર્જન થશે. રાજ્યમાં તેજ ગતિએ થઈ રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની



વિગતો આપતા મંત્રીશ્રી સંઘવીએ જણાવ્યું કે, દિલ્હી-મુંબઈ ફ્રેઈટ કોરિડોર, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, ગ્રીનફીલ્ડ એરપોર્ટ, રિન્યુએબલ એનર્જી, એરપોર્ટ કનેક્ટિવિટી જેવા અનેક ક્ષેત્રોમાં ઝડપી માળખાકીય નિર્માણ કાર્ય રાજ્ય સરકાર કરી રહી છે. લેબ ગ્રોન ડાયમંડ ક્ષેત્રમાં રહેલી ઉજળી અને વિશાળ તકો વિશે તેમણે જણાવી ટેક્ષટાઈલ ક્ષેત્ર મોટી સંખ્યામાં રોજગારી પૂરી પાડતુ સેકટર બન્યું છે, ત્યારે નવસારી જિલ્લામાં પીએમ મિત્રા પાર્ક સાકારિત થવાથી હજારો યુવાનો માટે રોજગારીનુ સર્જન થશે એમ ઉમેર્યું હતું. B20 બેઠકના માધ્યમથી વ્યાપારના પ્રતિનિધિઓએ વિવિધ આર્થિક અને વ્યાપાર સંબંધિત વિષયો ઉપર તેમનો દ્રષ્ટિકોણ અને નીતિગત સૂચનો, મુદ્દાઓ રજૂ કર્યા હતા, જે વૈશ્વિક આર્થિક એજન્ડા અને વ્યવસાય નીતિઓને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વૈશ્વિક વ્યવસાયો માટે નક્કી કરવામાં આવેલી પ્રાથમિકતાઓ ઉપર ચર્ચા અંતર્ગત પ્રારંભિક સત્રના તજજ્ઞ વકતાઓમાં CII ગુજરાતના ચેરમેન અને હિટાચી હાઈરેલ પાવર ઈલેક્ટ્રોનિકસ ઈન્ડિયા પ્રા.લિ.ના મેને.ડિરેક્ટર દર્શન શાહ, CII ગુજરાત સ્ટેટ કાઉન્સિલના વાઈસ ચેરમેન અને અરવિંદ લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરશ્રી કુલીન લાલભાઈ, જેમોલોજિકલ ઈન્સ્ટિટયૂટ ઓફ અમેરિકાના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ ટોમ મોસેસએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. G7 અને G20 રિસર્ચ ગ્રુપ્સના ડાયરેક્ટર ઓફ અકાઉન્ટેબિલિટી ડૉ.એલા કોકોત્સિસ વર્ચ્યુઅલ માધ્યમથી સમિટમાં જોડાઈને ઉદબોધન કર્યું હતું.

### વર્ષોથી મેલેરિયા સામે લડત બાદ કેસમાં થયો માત્ર ૨.૭૬ ટકાનો ઘટાડો !

# રાજ્યમાં વાહક જન્ય રોગ નિયંત્રણ માટે ૭૫ ટકા સર્વે કામગીરી પૂર્ણ : હવે બીજો તબક્કો શરૂ થશે

## છેલ્લા બે વર્ષથી મેલેરિયાથી એકપણ મૃત્યુ નથી : ૧૦ જુલાઈએ બીજો તબક્કો

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ રાજય આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય વાહક જન્ય રોગ (VBD) નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સરાહનીય કામગીરી કરવામાં આવી છે.છેલ્લા ચાર વર્ષની કામગીરીની સમીક્ષા કરીએ તો વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૨માં મેલેરિયા તપાસ માટે કુલ ૫.૯૦ કરોડ બ્લડ સેમ્પલ ટેસ્ટ કરાયા છે. જેમાંથી ૨૮,૩૬૦ જેટલા દર્દીઓ મેલેરિયાગ્રસ્ત નોંધાયા હતા. વિગતવાર જોઈએ તો વર્ષ ૨૦૧૯માં ૧.૬૪ કરોડ પરીક્ષણમાં ૧૩,૮૮૩ કેસ, વર્ષ ૨૦૨૦માં ૧.૩૦ કરોડની સામે ૪૭૭૧, વર્ષ ૨૦૨૧માં ૧.૪૨ કરોડની સામે ૪૯૨૧ અને ગત વર્ષ ૨૦૨૨માં ૧.૫૧ કરોડ પરીક્ષણ કરતા ૪૭૮૫ મેલેરિયાના કેસો નોંધાયા હતા. મહત્ત્વની બાબત એ પણ છે કે, વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં કુલ બે મરણ નોંધાયા જ્યારે છેલ્લા બે વર્ષમાં મેલેરિયાથી એક પણ મરણ નોંધાયેલ નથી. આવી જ રીતે ડેન્ગ્યુ તપાસ માટે છેલ્લા ચાર વર્ષમાં કુલ ૩.૩૭ લાખ અને ચીકનગુનિયાની તપાસ માટે કુલ ૬૭ હજાર સિરમ સેમ્પલ તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ડેન્ગ્યુના ૩૭,૬૮૪ અને ચીકનગુનિયાના કુલ ૬૮૩૮ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા હતા. રાજ્યમા સરેરાશ ૮૪ હજાર ડેન્ગ્યુ તપાસ અને ૧૭ હજાર જેવી ચીકનગુનિયા રોગની તપાસ કરવામાં આવે છે. અત્રે વર્ષ ૨૦૨૧ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨માં મેલેરિયાના કેસોમાં ૨.૭૬ %, ડેન્ગ્યુના કેસોમાં ૩૯.૧ %જ્યારે ચીકનગુનિયાના કેસોમાં ૭૪.૧ ટકા જેટલો મહત્ત્વનો ઘટાડો નોંધાયો છે. વાહક જન્ય રોગ નિયંત્રણ સંદર્ભે વર્ષ ૨૦૨૩ની કામગીરીનો ચિતાર જોઈએ તો રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારોમાં વાહક જન્ય રોગ નિયંત્રણ કામગીરી માટેના અભિયાનના ભાગરૂપે હાઉસ ટુ હાઉસ સર્વેમાં તાવ સર્વેલન્સ અને સોર્સ રિડક્શન, પોરાનાશક કામગીરી તથા પ્રચાર-પ્રસાર જેવી પ્રવૃતિઓના બે રાઉન્ડમાં તા. ૧૯ જૂનથી ૨૯ જૂન સુધીના પ્રથમ રાઉન્ડમાં ૭૫ ટકા વસ્તીને આવરી લઈને આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે જુલાઈ માસમાં તા.૧૦થી ૧૯ દરમ્યાન બીજો રાઉન્ડ હાથ ધરવાનું આયોજન કરાયું છે. આ વર્ષે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૨.૪૯ લાખ લોહીના નમૂના લેવામાં આવ્યા છે જેમાં ૧૨ પોઝિટિવ કેસોમાં સંપૂર્ણપણે સારવાર પૂરી પડાઈ છે. સર્વેલન્સ દરમ્યાન જોવા મળેલ ૪,૮૧,૧૮૬ મચ્છર ઉત્પતિ સ્થાનોનો સફળતાપૂર્ણ નાશ કરવામાં આવ્યો છે. વધુમાં લાર્વીસાઈડના ઉપયોગથી મચ્છર ઉત્પતિ સ્થાનો પણ નાબૂદ કરાયા છે તથા ૧.૮૦ લાખ ઘરોમાં ફોગિંગની કામગીરી કરાઈ છે. વર્ષ ૨૦૨૩ દરમ્યાન રાજ્યના ૨૧ જિલ્લાઓની મેલેરિયા માટે જોખમી ૩૧૯ ગામોમાં જંતુનાશક દવા છંટકાવ નિયત બે રાઉન્ડ હેઠળ આવરી લેવાનું આયોજન છે જેમાં પ્રથમ રાઉન્ડની કામગીરી પૂર્ણ કરાઈ છે બીજા રાઉન્ડની શરૂઆત ૧લી ઓગષ્ટથી હાથ ધરાશે. રાજ્યમાં વાહક જન્ય રોગ અટકાયતની કામગીરી માટે ૪૪૪ વેક્ટર કંટ્રોલ ટીમ ફાળવવામાં આવી છે. રાજ્યમાં ડેન્ગ્યુ અને ચીકનગુનિયાના ૪૨ જેટલા કેન્દ્રો કાર્યાન્વિત કરાયા છે.

# રાજ્યનું એકપણ પ્રા. આરોગ્ય કેન્દ્ર MBBS ડોક્ટર વિના બાકી નહીં રહે : આરોગ્ય મંત્રી

ગાંધીનગર, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ “રાષ્ટ્રીય સીકલસેલ એનિમિયા નાબૂદી મિશન-૨૦૪૭”નો મધ્યપ્રદેશના સહડોલ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાને દેશને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત રાજયના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશપટેલે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના મોટાસડા ગામના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે સિકલસેલ ડીસીઝના દર્દીઓ અને પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડના લાભાર્થીઓને કાર્ડ અર્પણ કરી સીકલસેલ એનિમિયા નાબૂદી મિશન-૨૦૪૭નો આરંભ કરાવ્યો હતો. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આ વંશ પરંપરાગત રોગના નિર્મૂલન માટે વડાપ્રધાને મધ્યપ્રદેશથી સિકલ સેલ એનિમિયા નિર્મૂલન કાર્યક્રમની શરૂઆત કરાવી છે. તેમણે કહ્યું કે, ટી.બી., મેલેરિયા જેવા રોગોને ભારતમાંથી દૂર કરવાનો વડાપ્રધાનશ્રીએ નિર્ધાર કર્યો છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, આરોગ્ય અને શિક્ષણની જવાબદારી સરકારની સાથે સાથે સમાજની પણ છે ત્યારે માતા મૃત્યુદર, નવજાત શિશુ મૃત્યુદર અને કુપોષણ મુક્ત સમાજના નિર્માણ માટે આપણે સંકલ્પબદ્ધ બનીએ. મારૂ ગામ કુપોષણ મુક્તર ગામ બને તે દિશામાં વિશેષ પ્રયત્ના કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે વર્ષ-૨૦૪૭માં ભારત ૧૦૦ વર્ષ પુરા કરે તે સમયે ભારતનો યુવાન સ્વસ્થ, તંદુરસ્ત અને કંઈપણ કરવાની તમન્નાવાળો સશક્ત બને તે માટે અત્યારથી તેના આરોગ્યની કાળજી રાખવી જરૂરી છે. ટૂંક સમયમાં રાજયના તમામ ગામોના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં MBBS ડોકટર વિનાની બાકી ન રહી જાય તેવું આયોજન કરાયું છે. એમ. ડી., ગાયનેક જેવા સ્પેસ્યાલીસ્ટ વર્ગ-૧ના ડોકટરોની કમી પુરી કરવાનું કામ ગુજરાત સરકાર કરી રહી છે. સ્વસ્થ ગુજરાત, સ્વસ્થ ભારતની કલ્પનાને સાકાર કરવા આરોગ્ય વિભાગ દ્વારા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આદિવાસી ભાઈઓ-બહેનોને સિકલ સેલ એનિમિયાથી મુક્તિ અપાવવા માટે સરકારે મિશન મોડમાં કામગીરી શરૂ કરી છે.

# દિલ્હીના અધિકારીઓ ઉપર કોનું શાસન ? AAPએ કેન્દ્રીય વટહુકમને સુપ્રીમ કોર્ટમાં પડકાર આપ્યો

નવી દિલ્હી, તા.૪

દિલ્હીની આમ આદમી પાર્ટી (AAP) સરકારે વહીવટી સેવાઓ ઉપર રાજ્યના નિયંત્રણને રદ કરતાં કેન્દ્રીય વટહુકમને પડકારતા સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. ૧૧ મેના રોજ સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં દિલ્હી સરકારને રાષ્ટ્રીય રાજધાનીમાં વહીવટી સેવાઓ ઉપર કાયદાકીય અને કારોબારી સત્તા આપ્યા બાદ ભાજપની આગેવાની હેઠળના કેન્દ્ર સરકારે આ વટહુકમ બહાર પાડ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડે કહ્યું હતું કે લેફ્ટનન્ટ ગવર્નર (એલજી), જે કેન્દ્રને રિપોર્ટ કરે છે, તે સેવાઓ અંગે દિલ્હી સરકારના નિર્ણયોથી બંધાયેલા રહેશે. જો કે, જમીન, પોલીસ અને કાયદો અને વ્યવસ્થાને લગતી બાબતો રાજ્ય સરકાર હેઠળ આવશે નહી. જો કે, સુપ્રીમ કોર્ટના નિર્ણયને અવગણીને ૧૯ મેના રોજ કેન્દ્રએ વટહુકમ બહાર પાડીને વહીવટી સેવાઓની ટ્રાન્સફર પોસ્ટિંગ, તકેદારી અને અન્ય આનુષંગિક બાબતો ઉપર દિલ્હી સરકાર માટે નિયમો સૂચિત કર્યા હતા. આ વટહુકમ દ્વારા દિલ્હીમાં “નેશનલ કેપિટલ સિવિલ સર્વિસીસ ઓથોરિટી”ની રચના કરવામાં આવી હતી, જેમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અને સરકારના મુખ્ય અને ગૃહ સચિવોનો સમાવેશ થાય છે. તેઓ ટ્રાન્સફર પોસ્ટિંગ, તકેદારી અને અન્ય આનુષંગિક બાબતોને લગતી બાબતો અંગે એલજીને ભલામણો કરશે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે લેફ્ટનન્ટ ગવર્નર અને દિલ્હી સરકાર વચ્ચે મતભેદના કિસ્સામાં, LG નો નિર્ણય “અંતિમ“ હશે. AAP એ આ વટહુકમની ટીકા કરી છે અને રાજ્યસભામાં જ્યાં ભાજપ પાસે સંખ્યા નથી ત્યાં તેને અવરોધિત કરવા માટે વિપક્ષી પાર્ટીઓનું સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

# TAT ઉચ્ચતર માધ્યમિકની પ્રિલીમ પરીક્ષા ૬ ઓગસ્ટે લેવાશે

અમદાવાદ, તા.૪

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક અભિરૂચી કસોટી ઉચ્ચતર માધ્યમિક (TAT-HS)નું જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં ઉચ્ચતર માધ્યમિકની પ્રિલીમ પરીક્ષા ૬ ઓગસ્ટના રોજ લેવાનું નક્કી કરાયું છે. પરીક્ષા માટે ૫ જુલાઈથી ૧૫ જુલાઈ દરમ્યાન ઉમેદવારો ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે. પ્રિલીમપરીક્ષા બાદ ૧૭ સપ્ટેમ્બરના રોજ મેઈન્સની પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા TAT ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા અંગેનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ૫ જુલાઈથી ૧૫ જુલાઈ દરમ્યાન ઉમેદવારો માટે રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની મુદત આપવામાં આવશે. ઉપરાંત ૫ જુલાઈથી ૧૭ જુલાઈ દરમ્યાન ઉમેદવારો નેટ બેક્રીંગ મારફતે ફી ભરી શકશે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૬ ઓગસ્ટના રોજ TAT ઉચ્ચતર માધ્યમિકની પ્રાથમિક પરીક્ષા લેવામાં આવશે. ત્યાર બાદ ૧૭ સપ્ટેમ્બરના રોજ મુખ્ય પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા માટે અનામત કેટેગરીના ઉમેદવારોની ફી રૂા. ૪૦૦ અને સામાન્ય કેટેગરીના ઉમેદવારોની ફી રૂા.૫૦૦ નક્કી કરવામાં આવી છે. પરીક્ષામાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિખવવામાં આવતા વિષયોની કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક પરીક્ષા ૨૦૦ ગુણની MCQ આધારિત હશે. જેમાં ૧૦૦ ગુણનો પ્રથમ ભાગ તમામ ઉમેદવારો માટે એક સમાન હશે. જ્યારે ૧૦૦ ગુણનો બીજો ભાગ જે તે ઉમેદવાર જે વિષય માટે અરજી કરે તે વિષય આધારિત હશે. પરીક્ષામાં ખોટા જવાબ દીઠ ૦.૨૫ ગુણનું નકારાત્મક મુલ્યાંકન રહેશે. ૨૦૦ ગુણના પેપર લખવા માટે ૧૮૦ મિનીટનો સમય અપાશે. આ પરીક્ષા ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર ગમે તે એક માધ્યમ પસંદ કરી શકશે. ત્યારબાદ મુખ્ય પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં પ્રાથમિક કસોટીમાં કટ ઓફ કે તેથી વધુ ગુણ મેળવનારા ઉમેદવારો ઉપસ્થિત રહેશે. આ પરીક્ષામાં પ્રશ્નપત્ર-૧ ભાષા ક્ષમતાનું રહેશે. જયારે પ્રશ્નપત્ર-૨ વિષયવસ્તુ અને પદ્ધતિ શાસ્ત્રનું રહેશે. આ બંને પેપર પણ ૧૦૦-૧૦૦ ગુણના હશે. જેથી મુખ્ય પરીક્ષા પણ ૨૦૦ ગુણની લેવાશે. જેમાં પ્રશ્નપત્ર-૧ માટે ૧૫૦ મિનીટ અને પ્રશ્નપત્ર-૨ માટે ૧૮૦ મિનીટનો સમય ઉમેદવારોને આપવામાં આવશે. મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવનાર ઉમેદવારનો જ મેરિટ લિસ્ટમાં સમાવેશ કરાશે.

# પાકિસ્તાન વિશ્વકપ સ્થળોનું નિરીક્ષણ કરવા સુરક્ષા પ્રતિનિધિ મંડળને ભારત મોકલશે

કરાચી, તા.૪

પાકિસ્તાન આ વર્ષના આઈસીસી વન-ડે વિશ્વકપ માટે પોતાની ટીમને પ્રવાસની મંજૂરી આપતા પહેલા આયોજન સ્થળોનું નિરીક્ષણ કરવા માટે એક સુરક્ષા પ્રતિનિધિ મંડળ ભારત મોકલવાની તૈયારી કરી રહ્યું છે. ખેલ મંત્રાલયના એક સત્તાવાર સૂત્રએ કહ્યું કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના નવા અધ્યક્ષની પસંદગી થયા બાદ વિદેશ અને ગૃહ મંત્રાલય સહિત સરકાર નક્કી કરશે કે સુરક્ષા પ્રતિનિધિ મંડળનો ભારત કયારે મોકલવામાં આવે. આ સૂત્રએ કહ્યું કે સુરક્ષા પ્રતિનિધિ મંડળ પીસીબીના પ્રતિનિધિત્વની સાથે તે સ્થળોનું નિરીક્ષણ કરવા જશે જયાં વિશ્વકપ દરમ્યાન પાકિસ્તાન રમશે. આ પ્રતિનિધિ મંડળ સુરક્ષા અને અન્ય વ્યવસ્થાઓનું પણ નિરીક્ષણ કરશે. તેમણે કહ્યું કે, પ્રતિનિધિ મંડળ ૧૫ ઓકટોબરે ભારતપાકિસ્તાન મેચના આયોજન સ્થળ અમદાવાદ, ચેન્નાઈ, બેંગ્લોર, હૈદરાબાદ અને કોલકાતાનો પ્રવાસ કરશે. તેમણે કહ્યું કે, ભારતના કોઈપણ પ્રવાસ પહેલા ક્રિકેટ બોર્ડ માટે સરકારની મંજૂરી લેવાની પ્રથા છે. સરકાર પ્રવાસ પહેલા સામાન્ય રીતે ભારતમાં એક પ્રતિનિધિ મંડળ મોકલે છે. તેમણે કહ્યું કે, પ્રતિનિધિ મંડળ મેચ સ્થળના અધિકારીઓ સાથે વાતચીત કરશે અને ટુર્નામેન્ટ માટે જનારા અમારા ખેલાડીઓ, અધિકારીઓ, પ્રશંસકો અને મીડિયા માટે સુરક્ષા અને અન્ય વ્યવસ્થાઓ ઉપર ચર્ચા અને નિરીક્ષણ કરશે. તેમણે કહ્યું કે જો પ્રતિનિધિ મંડળનો લાગશે કે પાકિસ્તાન માટે નિર્ધારીત સ્થળના બદલે કોઈ અન્ય સ્થળે રમવું સારું રહેશે તો તે પોતાના રિપોર્ટમાં આનો ઉલ્લેખ કરશે. જો પ્રતિનિધિ મંડળને કોઈ ચિંતા છે તો પીસીબી રિપોર્ટને આઈસીસી અને બીસીસીઆઈ સાથે શેર કરશે. પીસીબીના એક સૂત્રએ કહ્યું કે, જ્યારે છેલ્લીવાર પાકિસ્તાન ટી-૨૦ વિશ્વકપ માટે ભારત ગયું હતું તો સરકારે આયોજન સ્થળોનું નિરીક્ષણ કરવા માટે એક સંયુક્ત પ્રતિનિધિ મંડળ મોકલ્યું હતું. તેણે કહ્યું કે, પ્રતિનિધિ મંડળની ભલામણ ઉપર જ ભારત વિરૂધ્ધ ધર્મશાળા (ટી૨૦ વિશ્વકપ ૨૦૧૬)માધ્ પાકિસ્તાનની મેચ કોલકાતામાં સ્થળાંતર કરાઈ હતી. સૂત્રએ કહ્યું કે, પાકિસ્તાનની વિશ્વકપમાં ભાગીદારી ત્યારે જ શકય બનશે જ્યારે સરકાર પીસીબીને મંજૂરી આપશે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭ જુલાઈએ ઉદ્દ્ઘાટન કરશે

# અમદાવાદ-જોધપુર વચ્ચે વંદે ભારત ટ્રેન દોડશે

## આ ટ્રેનના સફળ સંચાલન માટે અમદાવાદથી જોધપુર જતી ૭ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૪

રાજસ્થાનને બીજી વંદે ભારત ટ્રેનની ભેટ મળવા જઈ રહી છે. આ સેમી હાઈ સ્પીડ ટ્રેન જોધપુરથી સાબરમતી (ગુજરાત) વચ્ચે દોડશે. આ અંગે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. તે ૭ જુલાઈથી શરૂ થશે, પરંતુ તે પહેલા ૪ જુલાઈએ ટ્રાયલ થશે. આ ટ્રેન જોધપુરથી સાબરમતી વચ્ચે ૫ સ્ટેશનો ઉપર ઉભી રહેશે. તેના ઓપરેશન પહેલા રેલવે દ્વારા એક મોટું પગલું લેવામાં આવ્યું છે. આ ટ્રેનના સફળ સંચાલન માટે અમદાવાદથી જોધપુર જતી ૭ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જોકે ત્રણ મહિના પહેલા, અજમેરથી દિલ્હી દોડતી વંદે ભારત ટ્રેનના સમય દરમ્યાન અન્ય એક્સપ્રેસ અને ઈન્ટરસિટી ટ્રેનોના સમયપત્રકને ક્રોસ થઈ રહ્યું હતું. એવામાં તેની અસર વંદે ભારતના મુસાફરોના ભારણ ઉપર પણ જોવા મળી. તેમાંથી બોધપાઠ લઈને જોધપુરથી ગુજરાત વચ્ચે ચાલનારી વંદે ભારતનું શેડ્યૂલ જાહેર કરતા પહેલા રેલવેએ આ વખતે કેટલીક ટ્રેનોના સમયમાં પણ ફેરફાર કર્યો છે. ૪ જુલાઈ સુધી જોધપુરની ભગત કી કોઠી અને સાબરમતી વચ્ચે ટ્રાયલ રન થશે. આ પછી ૭ જુલાઈથી જોધપુરથી સાબરમતી સુધી વંદે ભારતનું સંચાલન કરવામાં આવશે. તેના માટે મદાર કોચિંગ ડેપો ઉપર જોધપુરના રેલવે સ્ટાફને ટ્રેનિંગ આપવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭ જુલાઈએ તેનું ઉદ્દ્ઘાટન કરશે. જો કે હજુ એ નક્કી નથી થયું કે ઉદ્દ્ઘાટન વર્ચ્યુઅલ હશે કે પીએમ મોદી જોધપુર આવશે. સ્ટાફને તાલીમ આપવા માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. નોર્થ વેસ્ટર્ન રેલ્વે હેડ ક્વાર્ટર દ્વારા ડિવિઝનલ રેલ્વે મેનેજર જોધપુરને એક પત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ૭મી જુલાઈના રોજ વંદે ભારતના ઉદ્દ્ઘાટનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે જ કહેવામાં આવ્યું છે કે તેના માટે રેક જલદી જ આવી શકે છે. આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ જોધપુરના ભગત કી કોઠી સ્ટેશનથી ચલાવવામાં આવશે. આ ટ્રેન સોમવારથી શનિવાર સુધી ચાલશે. મેન્ટેનન્સના કારણે રવિવારે ટ્રેન રદ રહેશે. જ્યારે સાબરમતીથી ૧૬:૪૫ વાગ્યે નીકળીને ૨૨:૪૫ વાગ્યે ભગત કી કોઠી પહોંચશે. આ ટ્રેન પાલી, ફાલના, આબુ રોડ (સિરોહી), પાલનપુર (ગુજરાત), મહેસાણા સ્ટેશનો ઉપર ઉભી રહેશે. જાણકારોના મતે માત્ર રૂટ નક્કી કરવામાં આવ્યો છે. ભાડા અંગે હજુ સુધી કોઈ દર નક્કી કરવામાં આવ્યો નથી. પરંતુ, જો જયપુરથી દિલ્હી સુધી ચાલતા વંદે ભારત સાથે સરખામણી કરવામાં આવે તો તેનું ભાડું પણ ૮૦૦ થી ૧૬૦૦ રૂપિયા હોઈ શકે છે. આમાં બે કેટેગરી છે. પ્રથમ ચેર કાર અને બીજી એક્ઝિક્યુટિવ. ચેર કારમાં ૮૦૦ રૂપિયા અને એક્ઝિક્યુટિવ કેટેગરીમાં ૧૬૦૦ રૂપિયા ભાડું નક્કી કરી શકાય છે.

## સિંગલયુઝ પ્લાસ્ટિકનો વપરાશ સદંતર બંધ કરીએ

# ચાલો, પ્લાસ્ટિકમુક્ત પૃથ્વીના સંકલ્પ સાથે હંમેશા માટે પ્લાસ્ટિકને બાય બાય કહીએ








માનવીએ પોતાના જીવનને સરળબનાવવા માટે ખુદનો ઘણો વિકાસ કર્યો. આદિકાળથી લઈને આધુનિક કાળ સુધીના માનવ જીવનને જોઈએ તો જાણવા મળે છે કે તેણે અઢળક નવસર્જનોથકી પોતાનો અને માનવજાતનો ઘણો ઉદ્ધાર કર્યો છે. પણ માનવીએ પોતાની સવલતો, જરૂરીયાતો અને અંગત સ્વાર્થ માટે કોઈક ને કોઈ કરીતે જે પૃથ્વી પર પોતે વસી રહ્યો છે એનું, જે પ્રકૃતિની ગોદમાં ખીલી રહ્યો છે એનું અને જેનાથી એનું અસ્તિત્વ છે એવા પર્યાવરણને નજર અંદાજ કરતો આવ્યો છે. આજની વૈશ્વિક સમસ્યાઓમાં સૌથી મોટી સમસ્યા પર્યાવરણનું હનન અને ગ્લોબલ વોર્મિંગ છે. એક સામાન્ય નાગરિક તરીકે આપણે આમાં કેટલા ભાગીદાર એવું વિચારીએ ત્યારે સમજાય કે રોજબરોજના વપરાશમાં ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક બેગનો આપણે કેટલો બધો ઉપયોગ કરી રહ્યા છીએ. આ પ્લાસ્ટિક બેગનો વપરાશ બંધ નહીં કરવામાં આવે તો જળ, જમીન અને પ્રકૃતિનો નાશ થઈ જશે.

પ્લાસ્ટિક બેગ મુક્ત વિશ્વ શક્ય છે, એના માટે દેશના પ્રબુદ્ધ નાગરિક તરીકે અને પૃથ્વીના સંતાન તરીકે આપણે પ્લાસ્ટિકને હંમેશા માટે ના કહેવું જોઈએ અને જે છે એને રીસાયકલ કરીને ઉપયોગ કરવો જોઈએ. આ સિવાય સિંગલ-યુઝ પ્લાસ્ટિક બેગની અવેજીમાં કપડાંની કે શણની વગેરેની થેલીઓ વાપરવી જોઈએ. પ્લાસ્ટિક મુકત વિશ્વ માટે પર્યાવરણીય વિકલ્પો પણ ઘણા છે ત્યારે પર્યાવરણીય પ્રેમી લોકો આ અંગેની જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે ૩ જુલાઈએ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસનું આયોજન કરે છે. આ દિવસનો મુખ્ય ધ્યેય આ બિન-બાયોડિગ્રેડેબલ પદાર્થના ઉપયોગથી પર્યાવરણને થતા વધતા નુકસાન વિશે જાગૃતિ લાવવાનો છે. તે જાણવું ચિંતાજનક છે કે પ્લાસ્ટિકની થેલીને લેન્ડફિલમાં વિઘટિત થવામાં ૧,૦૦૦ વર્ષનો સમય લાગે છે.

ગાંધીનગર શહેરનું સિનિયર સિટીઝનનું નેચર ફર્સ્ટ ગ્રુપ દર શનિવારે પ્લાસ્ટિક મુક્તિ માટે આગળ આવે છે. શહેરના વિસ્તારોમાં જઈને તેઓ પ્લાસ્ટિક કચરો એકઠો કરે છે અને આ પ્લાસ્ટિકને રિસાયકલ માટે મોકલે છે. ઉપરાંત પ્લાસ્ટિકની થેલીના બદલામાં કપડાંની થેલી આપે છે. નેચર ફર્સ્ટના કાર્યકરો માને છે કે પ્રકૃતિને આપણા સ્વહિતોથી વધુ પ્રાધાન્ય આપવું પડશે. આવનારી પેઢી માટે કુદરતી સંસાધનો છોડવા એ આપણી નૈતિક ફરજ બને છે.

પ્લાસ્ટિક પર્યાવરણની વૈશ્વિક સમસ્યા છે ત્યારે સ્વૈચ્છિક સંગઠનોની સાથે સરકાર પણ આગળ આવી છે. તાજેતરમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ સુધારા નિયમો, ૨૦૨૧ ને સૂચિત કર્યું છે. આ નિયમો વર્ષ ૨૦૨૨ સુધીમાં "ઓછી ઉપયોગિતા અને ઉચ્ચ કચરાની સંભાવના" ધરાવતા વિશિષ્ટ સિંગલ-યુઝ પ્લાસ્ટિકમાંથી બનેલી વસ્તુઓ પર પ્રતિબંધ મૂકે છે.

નવા નિયમો મુજબ ૧ જુલાઈ, ૨૦૨૨ થી ઓળખાયેલ સિંગલ-યુઝ પ્લાસ્ટિકના ઉત્પાદન, આયાત, સ્ટોકિંગ, વિતરણ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. હાલમાં પ્લાસ્ટિકની થેલીઓ માટે પરવાનગી મળેલી જાડાઈ ૫૦ માઈક્રોનથી વધારીને ૧૨૦ માઈક્રોન કરવાની જોગવાઈ કરાઈ છે. આનું કારણ એ કે વધુ જાડાઈની પ્લાસ્ટિકની થેલીઓ કચરા તરીકે વધુ સરળતાથી હેન્ડલ કરવામાં આવે છે અને તેની રિસાયક્લિંગની ક્ષમતા પણ વધી જાય છે.

હકીકતે પ્લાસ્ટિક તેની ઉપયોગિતા અને ઓછી કિંમતને કારણે આપણા રોજિંદા જીવનમાં સર્વવ્યાપક બની ગયું છે. દર વર્ષે લાખો ટન પ્લાસ્ટિકનો કચરો ફેંકવામાં આવે છે, જેમાંથી મોટાભાગનો મહાસાગરોમાં સમાપ્ત થાય છે, જે પ્રક્રિયામાં વન્યજીવન અને ઈકોસિસ્ટમને નુકસાન પહોંચાડે છે.

સિંગલ-યુઝ પ્લાસ્ટિક અથવા નિકાલજોગ પ્લાસ્ટિકનો ઉપયોગ ફેંકી દેવા અથવા રિસાયકલ કરવામાં આવે તે પહેલાં માત્ર એક જવાર કરવામાં આવે છે. આ પ્લાસ્ટિક એટલું સસ્તું અને અનુકૂળ છે કે તેણે પેકેજિંગ ઉદ્યોગમાં અન્ય તમામ સામગ્રીઓનું સ્થાન લીધું છે, પરંતુ તેનું વિઘટન થતાં સેંકડો વર્ષોનો સમય લાગે છે. આપણા દેશમાં દર વર્ષે જનરેટ થતા કુલ પ્લાસ્ટિકના કચરામાંથી મોટાભાગનું સિંગલ યુઝ પ્લાસ્ટિક છે. વિઘટનની પ્રક્રિયામાં, તે ઝેરી રસાયણોનો સ્ત્રાવ કરે છે જે આપણા ખોરાક અને પાણીમાં પ્રવેશ કરે છે.

સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓને કારણે થતું પ્રદૂષણ એ તમામ દેશો સામે એક મહત્વપૂર્ણ અને ગંભીર પર્યાવરણીય પડકાર બની ગયું છે અને ભારત સિંગલ-યુઝ પ્લાસ્ટિક કચરાથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે પગલાં લેવા પ્રતિબદ્ધ છે. વર્ષ ૨૦૧૯ માં, ચોથી સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ એસેમ્બલીમાં, ભારતે સિંગલ-યુઝ પ્લાસ્ટિક ઉત્પાદનોને કારણે પ્રદૂષણની સમસ્યાને ઉકેલવા માટે એક ઠરાવ રજૂ કર્યો. ભારત માટે ગર્વની વાત છે કે આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ અંતર્ગત સિંગલ-યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. દેશના નાગરિક તરીકે આપણે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નકશા કદમ પર ચાલીને રોજબરોજના જીવનમાંથી પ્લાસ્ટિકને હંમેશા માટે નકારીને ખુદનું અને આવનારી પેઢીઓનું સ્વચ્છ, સુદ્રઢ અને હરિયાળું ભવિષ્ય નક્કી કરીએ એ ઈચ્છનીય છે.

વિશ્વભરમાં ત્રીજી જુલાઈ 'આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આજના દિવસે વિશ્વભરમાં પ્લાસ્ટિક બેગોના વપરાશથી પર્યાવરણને થતા નુકસાન સામે લોકોને માહિતગાર કરીને પ્લાસ્ટિક બેગોનો વપરાશ અટકે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે તો આ તબક્કે સ્વાભાવિક રીતે એવો સવાલ થાય કે રોજિંદા જીવનના ભાગ સમાન બનેલી પ્લાસ્ટિક બેગ ન વાપરવી હોય તો તેના સ્થાને બીજું શું વાપરી શકાય ? તો ચાલો આજે જાણીએ સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગ (પોલી ઈથીલીન અથવા પોલીથીનબેગ્સ) ના એવા વિકલ્પો વિશે જે પર્યાવરણ માટે પણ ફાયદારૂપ છે અને પ્લાસ્ટિક બેગ જેટલા જ ઉપયોગી છે.

## પ્લાસ્ટિક બેગના વિકલ્પ તરીકે શું વાપરી શકાય ? ચાલો જાણીએ...

૧) રી-યુઝેબલ કોટન બેગ્સ
- બાયોડિગ્રેડેબલ
- રી-યુઝેબલ (પુનઃ વપરાશ કરિશકાય તેવી)
- નેચરલ અને રીન્યુએબલ સોર્સમાંથી બનાવી શકાય
- પર્યાવરણ માટે લાભદાયી
- ગ્રોસરી, શાકભાજી સહિત ઘરગથ્થુ વપરાશ માટે ઉપયોગી સ્લીવ સાથેની કોટન બેગ્સ બોટલ, બરણી વગેરેના સંગ્રહ માટે પણ ઉપયોગી

૨) પેપર બેગ
- સંપૂર્ણપણે બાયોડિગ્રેડેબલ વિકલ્પ
- રિયુઝેબલ અને રિસાયકલેબલ
- કમપોસ્ટ તરીકે વાપરી શકાય
- સૌથી સસ્તો વિકલ્પ
- ઈકો ફ્રેન્ડલી
- સ્ટોરેજ માટે સરળ
- અલગ અલગ રંગો અને ડીઝાઈનમાં સરળતાથી બનાવી શકાય
- ગ્રોસરી બેગ, લંચ બેગ, મર્ચંડાઈઝ બેગ માટેનો શ્રેષ્ઠ વિકલ્પ

૩) શણ/જ્યુટ/હેમ્પ બેગ્સ
- સંપૂર્ણપણે બાયોડિગ્રેડેબલ
- નેગેટિવ કાર્બન એમિશન
- કિંમતમાં સસ્તા
- સરળતાથી પ્રાપ્ય
- ટકાઉ
- સરળતાથી ડીઝાઈન આપી શકાય
- દરેક ક્ષેત્ર માટે અનુકૂળ અને યોગ્ય
- પોલીપ્રોપિલિન કરતા કડક અને મજબૂત

૪) કમપોસ્ટેબલ બેગ્સ
- શેરડી, પોટેટો સ્ટાર્ચ, બાયોલોજીકલી સોર્સ્ડ પોલીમર જેવા કુદરતી અને રિન્યુએબલ પદાર્થોમાંથી બનાવવામાં આવે છે.
- કુદરતી ખાતર તરીકે ડીગ્રેડ કરી શકાય છે.
- જમીન માટે લાભદાયી.
- લેન્ડફિલ વેસ્ટ ઘટાડે છે.

૫) સિલિકોન બેગ્સ - ખાદ્ય પદાર્થો અને કપડાં માટે
- રિયુઝેબલ બેગ્સ
- સેફ અને ટકાઉ
- એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી
- લીક પ્રૂફ, સરળતાથી સાફ કરી શકાય
- હીટ રેઝિસ્ટંટ
- ફ્રીઝર સેફ
- લાઈટ વેઈટ, કોમ્પેક્ટ, વર્સેટાઈલ
- રસોડાંના વપરાશ માટે યોગ્ય

૬) મસ્લીન કલોથ બેગ
- કોસ્ટ ઈફેક્ટીવ
- સસ્ટનેબલ,રિયુઝેબલ
- ગ્રોસરી, શાકભાજી સહિત ઘરગથ્થુ વપરાશ માટે ઉપયોગી
- સરળતાથી ધોઈ શકાય કે સાફ કરી શકાય

૭) લીનન બેગ - બેકરી આઈટમો માટે ઉપયોગી

૮) પોલીપ્રોપિલિન બેગ્સ
- કિંમતમાં સસ્તા
- ડ્યુરેબલ (ટકાઉ)
- રિયુઝેબલ બેગ્સ તરીકે પણ વાપરી શકાય
- કોમન પ્લાસ્ટિકસમાં સૌથી ઓછો કાર્બન ઉત્સર્જન દર
- પોલીથીન બેગ ની સરખામણીએ ટૂંકો ડીગ્રેડેશન સમય
- સંપૂર્ણપણે રિસાયકલેબલ
- રિસાયક્લિંગ પ્રોસેસ દરમિયાન પર્યાવરણમાં હાનિકારક - રસાયણોનું ઉત્સર્જન કરતા નથી

૯) અન્ય પ્રકારની બેગ્સ
કેનવાસ બેગ્સ, ડેનિમ બેગ્સ, ક્રોચેટ બેગ્સ

૧૦) સિન્થેટિક પ્લાસ્ટિક બેગ

) નાયલોન બેગ (સિન્થેટિક પ્લાસ્ટિક બેગ)
- નાયલોન પ્લાસ્ટિક ક્રૂડ ઓઈલ માંથી મેળવવામાં આવે છે.
- રીયુઝેબલ બેગ્સ બનાવી શકાય છે.
- ટકાઉ, મજબૂત અને વજનમાં હલકા
- સરળતાથી ફોલ્ડ કે કલર કરી શકાય તેવા
- વોટર રેઝિસ્ટન્ટ
- ફેબ્રિકમાં સિલ્કના વિકલ્પ તરીકે ઉપયોગી
- પોલીથીન બેગની બનાવટમાં અને અન્ય રીતે સરખામણીએ ઓછું પ્રદૂષણ ફેલાવે છે.
- લાંબા સમય સુધી અને લેન્ડફિલ સાઈટ્સ થી દુર ઉપયોગ કરવામાં આવે તો પોલીથીન બેગનો વિકલ્પ બની શકે છે.

) પોલિએસ્ટર બેગ્સ (સિન્થેટિક પ્લાસ્ટિક બેગ)
- પોલિએસ્ટર પેટ્રોલિયમમાંથી મેળવવામાં આવે છે.
- પોલિએસ્ટર બેગ્સ વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગી છે.
- પોર્ટેબલ શોપિંગ બેગ માટે સૌથી સારો વિકલ્પ
- અન્ય પ્લાસ્ટિકની સરખામણીમાં વજનમાં હલકું, પાતળું અને ટકાઉ
- બનાવટ દરમિયાન સૌથી ઓછું પ્રદૂષણ ફેલાવતું પ્લાસ્ટિક

શા માટે પ્લાસ્ટિકના આ વિકલ્પો ફાયદારૂપ છે ?
- જમીન અને પાણીને ઓછું પ્રદૂષિત કરે છે.
- ઓછું કાર્બન ઉત્સર્જન કરે છે.
- વન્યજીવોને નુકસાન પહોચાડતા નથી.
- કિંમતમાં સસ્તાં

## પ્લાસ્ટિક મુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરતા રાજ્યના સંનિષ્ઠ પ્રયાસો

# ગ્રીન ગ્રોથની દિશામાં ગુજરાતની આગેકૂચ, હવે પ્લાસ્ટિક કચરાના બદલામાં રૂપિયા







### ● ગ્રીન ગ્રોથની દિશા તરફ ગુજરાત, પ્લાસ્ટિક મુક્ત ગુજરાત માટે વિવિધ ઝુંબેશ

### ● ગુજરાતનો ગ્રીન ગ્રોથઃ રાજ્યમાં પ્લાસ્ટિક કચરાના નિકાલ માટે ચાલી રહી છે વિવિધ ઝુંબેશ

ઔદ્યોગિક કુશળતા અને આર્થિક વિકાસ માટે સમગ્ર વિશ્વમાં જાણીતું ગુજરાત, હવે ગ્રીન ગ્રોથ તરફ પણ હરણફાળ ભરી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણને લગતા પડકારોને પહોંચી વળવાના વિઝન સાથે, ગુજરાતે પુનઃપ્રાપ્ય ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રે વિવિધ પહેલો અમલમાં મૂકી છે. પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે, ખાસ કરીને સૌર અને પવન ઊર્જા ક્ષેત્રે ગુજરાત એક અગ્રેસર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. સોલાર પાર્કનું નિર્માણ કરીને અને રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનને ઘરો સુધી પહોંચાડીને, રાજ્યની મબલખ સૌર ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચારણકા સોલાર પાર્ક જેવા પ્રોજેક્ટની સફળતાએ ગુજરાતને ભારતમાં સૌર ઊર્જા ઉત્પાદનમાં મોખરાના સ્થાને પહોંચાડ્યું છે. વધુમાં, દરિયાકાંઠે આવેલા વિન્ડ ફાર્મ્સે રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

ગ્રીન ગ્રોથની દિશામાં આગળ વધવા માટે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પણ એક મહત્વનું પાસું છે. ગુજરાતે પ્લાસ્ટિકના કચરાનો ઉકેલ લાવવાની જરૂરિયાતને ઓળખી છે અને પ્લાસ્ટિક મેનેજમેન્ટને પ્રોત્સાહન આપવા અને તેની પર્યાવરણીય અસરને ઘટાડવા માટે ઘણી પહેલો અમલમાં મૂકી છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધથી લઈને પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન અને રિસાઈક્લિંગ સંદર્ભે નીતિ વિષયક નિર્ણયોની સાથે, રાજ્યમાં હવે અલગ-અલગ જિલ્લાઓમાં પ્લાસ્ટિકના કચરાના નિકાલ અને જનજાગૃતિ માટે અવનવા પ્રયોગ હાથ ધરવામાં આવી રહ્યા છે.

મહુવા નગરપાલિકાનો નવતર પ્રયોગ : પ્લાસ્ટિક જમા કરાવો અને વળતર મેળવો : એક કિલો પ્લાસ્ટિકના રૂ. ૧૦/- અને પ્લાસ્ટિક બોટલના રૂ. ૨૩/-

ભાવનગર જિલ્લામાં મહુવા નગરપાલિકાએ પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી એક અનોખું અભિયાન હાથ ધર્યું છે. અહીં તમે પ્લાસ્ટિકની બેગ, બોટલ, દૂધ-છાશની થેલી વગેરેનો કચરો જમા કરાવો, તો સામે પૈસા મળે છે! એક કિલોના ૧૦ રૂપિયા અને ૧ કિલો પ્લાસ્ટિક વોટર બોટલના રૂા.૨૩! રૂપિયાની સાથે એક કિલો પ્લાસ્ટિક સામે ૨ કિલો ખાતર પણ નાગરિકો મેળવી શકે છે. મહુવાને પ્લાસ્ટિકમુક્ત બનાવવાના ઉદ્દેશથી આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, અને નગરપાલિકા વિસ્તારના ૯ વોર્ડમાં ૧૪ પ્લાસ્ટિક કલેક્શન સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે. નાગરિકો ત્યાં હોંશે હોંશે કચરો જમા કરાવવા પણ આવી રહ્યાં છે. સમગ્ર શહેરમાંથી એકત્ર કરવામાં આવેલા પ્લાસ્ટિક વેસ્ટના રિસાયકલિંગ માટેનો પ્લાન્ટ પણ આ કંપની અને નગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ઊભો કરાયો છે. આ પ્લાન્ટમાં એકત્ર કરાયેલા પ્લાસ્ટિક વેસ્ટનું વર્ગીકરણ કરવામાં આવે છે. બીજી તરફ કચ્છમાં એક અશિક્ષિત શ્રમિક મહિલાએ, અન્ય ૬૦ મહિલાઓને સાથે જોડીને, કચ્છના દરેક ગામના પાદરને પ્લાસ્ટિકથી મુક્ત કરવાની ઝુંબેશ શરૂ કરી છે. ભુજ તાલુકાના અવધનગર ગામે, અવધનગરના કુળદેવી કૃપા સખી મંડળની મહિલાઓ અને તેમની સાથે કચ્છના અન્ય ગામોથી જોડાયેલી મહિલાઓ ઘરે ઘરે જઈને વેસ્ટ પોલિથીન એકત્ર કરે છે, અને તેમાંથી વણાટકામ મારફતે અવનવી ચીજો બનાવીને રોજગારી મેળવી રહી છે. આત્મનિર્ભર મહિલા બનવાની સાથે તેઓ પર્યાવરણને બચાવવાનું પણ કામ કરી રહી છે. આ ઝુંબેશમાં રોજ વધુને વધુ મહિલાઓ જોડાતી જઈ રહી છે.

આ સખી મંડળના પ્રમુખ રાજીબેન વણકર છે, જેઓ અન્ય મહિલાઓને પ્રેરણા આપી રહ્યાં છે. અત્યારે ૬૦ મહિલાઓ તેમાં સામેલ છે. મહિલાઓને પ્લાસ્ટિક એકત્ર કરીને તેનું કટિંગ કરવા અને તેને ધોવા માટેનું મહેનતાણું ચૂકવવામાં આવે છે. પ્લાસ્ટિક વીણતા બહેનોને પણ પ્રતિ કિલો ? ૧૫ આપવામાં આવે છે. અમુક મહિલાઓ વણાટકામ કરી કાપડ બનાવવાનું કામ કરે છે. તેઓ પર્સ, થેલા, હેન્ડ પર્સ, વોલેટ, ચશ્માના કવર, ટ્રે, ફોલ્ડર, લેપટોપ બેગ વગેરે વસ્તુઓ બનાવે છે. દરેક બહેનને તેના કામ મુજબ મહેનતાણું આપવામાં આવે છે. રાજીબેન કહે છે કે સરકાર દ્વારા આર્થિક તથા માર્કેટીંગ સહિતની જે સહાય આપવામાં આવે છે તેના કારણે મહિલાઓને સ્વનિર્ભર બનવા સ્વબળ મળે છે. બાયોડીગ્રેડેબલ અને પ્લાસ્ટિક વેસ્ટના ક્ષેત્રે રાજીબેનની કામગીરીની કદરરૂપે તાજેતરમાં જ તેઓને દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રકારની ઝુંબેશો, ગુજરાતમાં પર્યાવરણના જતન અને ગ્રીન ગ્રોથ માટે મહત્વપૂર્ણ બની રહી છે. વાત રાજકોટની કરીએ તો ધોરાજી તાલુકો પ્લાસ્ટિકને રિસાઈકલ કરવામાં રાજ્યભરમાં અગ્રેસર છે. ગુજરાતભરમાં પ્લાસ્ટિક રિસાઈકલનું સૌથી મોટું ક્લસ્ટર એકમાત્ર ધોરાજીમાં છે. વર્તમાનમાં ધોરાજી તાલુકામાં ૪૫૦થી વધારે ફેકટરીઓ પ્લાસ્ટિકના કચરાને રિસાઈકલ કરી દોરી-દોરડા, બોક્સ પટ્ટી, પાઈપ, સુતરી સહિતની ચીજ-વસ્તુઓ બનાવે છે. એટલું જ નહીં, અમેરિકા, બાંગ્લાદેશ અને આફ્રિકન દેશોમાં તેની નિકાસ પણ કરવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્લાસ્ટિક મુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં, ગુજરાતમાં થઇ રહેલી આ પ્રકારની ઝુંબેશો એક મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. હરિયાળી વૃદ્ધિમાં ગુજરાતના નોંધપાત્ર નિર્ણયો સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગ્રીન ગ્રોથમાં જેમ જેમ ગુજરાત આગળ વધી રહ્યું છે, તેમ તેમ આ દિશામાં રાજ્યના પ્રયાસો અન્ય પ્રદેશો માટે પ્રેરણાદાયી મોડેલ તરીકે પ્રસ્થાપિત થઇ રહ્યા છે. આવનારા સમયમાં ગુજરાતની ગ્રીન ગ્રોથ સ્ટોરી, અન્ય રાજ્યો માટે એક રોડમેપ તરીકે પ્રસ્થાપિત થશે.

# ધો.૧૦માં અભ્યાસ કરતા એસજીવીપી રીબડા ગુરૂકુળના વિદ્યાર્થીનું મૃત્યું

## ગુરૂકુળમાં ગુરૂ પૂર્ણિમાનાં કાર્યક્રમની તૈયારી કરતી વખતે અચાનક ઢળી પડ્યા બાદ વિદ્યાર્થીનું મોત નિપજતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું

રાજકોટ,તા.૪

રાજકોટના SGVP રીબડા ગુરૂકુળમાં ગુરૂ પૂર્ણિમાના કાર્યક્રમની તૈયારી કરતી વખતે વિદ્યાર્થી અચાનક બેભાન થઈને ઢળી પડ્યો હતો. જે બાદ તેને હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર મળે તે પહેલા જ વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું. રાજકોટ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું કે, વિદ્યાર્થીને નાનપણથી હૃદયનો ભાર વધવાની બીમારી હતી. હૃદય વધુ ભારવાળું થયું હતું. દરમ્યાન કાર્ડિયાક એરેસ્ટને કારણે મૃત્યું થયાનું તારણ છે.

મળતી માહિતી અનુસાર, રાજકોટ-ગોંડલ રોડ પર રીબડા નજીક આવેલ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ગુરુ પૂર્ણિમાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ યોજાય તે પહેલા ધોરણ ૧૦માં અભ્યાસ કરતો મૂળ ધોરાજીનો દેવાંશ ભાયાણી અચાનક બેભાઈ થઈ ગયો હતો. જે બાદ તેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

મૃતક દેવાંશના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવ્યો છે. દરમ્યાન જાણવા મળેલ કે, દેવાંશ ધોરાજીના સુપેડીના પાટીદાર ઉદ્યોગપતિ અનેસીદસર મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી ભુપતભાઈ ગોરધનભાઈ ભાયાણીનો પૌત્ર છે. આ માહિતી મળતા જ કડવા પાટીદાર સમાજના આગેવાનો રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે એકત્ર થયા હતા. ભુપતભાઈ ભૂમિ પોલીમર્સના સંચાલક છે અને સમાજમાં અગ્રહરોળમાં નામના ધરાવતા હોય કડવા પટેલ સમાજમાં આ બનાવથી ઘેરા શોકની લાગણી છવાઈ છે.

દેવાંશ પહેલાં બાલાચડી સૈનિક સ્કુલમાં અભ્યાસ કરતો હતો. તેમણે હજુ ત્રણ મહિના પહેલા જ રીબડા નજીક આવેલી શૈક્ષણિક સંસ્થામાં એડમીશન લીધુંહતું અત્રે હોસ્ટેલમાં જ રહેતો હતો. દેવાંશે તેમના પિતા વિન્ટુભાઈ સાથે ફોન ઉપર વાતચીત કરી હતી. તેમણે ટેસ્ટ પરીક્ષામાં કેટલા માર્કસ આવશે તે અંગે વાતચીત કરેલી. પિતાએ પુછયું કે, કેટલાં માર્કસ આવશે ત્યારે દેવાશે કહ્યું કે, એ તો રિઝલ્ટ આવે ત્યારે જ ખબર પડશે. જો કે, તેના પિતાને પુત્રના માર્કસ અંગે સમાચાર મળે તે પહેલા જ તેના પરિવારને પુત્રની વિદાયના સમાચાર મળતા ભારે કલ્પાંત છવાયો છે. દેવાંશ સવારે ઉઠી ગુરૂપૂર્ણિમા હોવાથી તે સ્પીચ આપવાનો હોવાથી વ્યવસ્થિત તૈયાર થયો હતો. મોબાઈલમાં પોતાનો ફોટો પાડી પિતાને ફોટો વોટસએપ કર્યો હતો અને પોતે પ્રાર્થના કાર્યક્રમમાં સ્પીચ આપવા ગયો હતો. પિતાને મોકલેલી તે તેની અંતિમ તસ્વીર હતી.

મૃતક દેવાંશ ભણવામાં ખૂબ જ હોશિયાર હોવાનું તેમના પરિવારજનો અને નજીકના સગા-સંબંધીઓએ જણાવ્યું હતું. દેવાંશ ધો.૧૦માં અભ્યાસ કરતો હતો. તે તેમના પિતા વિન્ટુભાઈનો એકનો એક પુત્ર હતો. એકના એક પુત્રના મોતથી પિતા પર દુઃખનું આભ ફાટી પડયુંહોય તેવી ગમગીની છવાઈ હતી.

### વડોદરાના યુવકનો વૈષ્ણોદેવીમાં જ જીવ ગયો

# વૈષ્ણોદેવી મંદિરમાં દર્શન કર્યા બાદ યુવકને આવ્યો હાર્ટએટેક

## ૪૨ વર્ષના નીતિન કહાર મિત્રો સાથે અમરનાથ યાત્રાએ નીકળ્યા હતા : પ્લેનમાં મૃતદેહ વતન વડોદરા લવાશે

વડોદરા,તા.૪

વડોદરાના યુવાનનું ચારધામ યાત્રા દરમિયાન વૈષ્ણોદેવી મંદિરે હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. ૪૨ વર્ષ નીતિન કહાર વૈષ્ણોદેવી મંદિરમાં દર્શન કર્યા બાદ અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો, અને ત્યા જ ઢળી પડ્યો હતો. તેને સારવાર મળે તે પહેલા જ તેનુ મોત નિપજ્યું. તેના મૃતદેહને પ્લેન દ્વારા વડોદરા લાવવામા આવવાની વ્યવસ્થા ગોઠવાઈ છે.

વડોદરાના પાણીગેટ કહાર મહોલ્લામાં નીતિન કહાર નામનો યુવક કેબલ ઓપરેટરનો વ્યવસાય કરે છે. વડોદરાથી ૧૦ મિત્રો વૈષ્ણોદેવી મંદિર અને અમરનાથ યાત્રાએ ગયા હતા. ૨૭ જુના રોજ તેઓએ પ્રવાસનો આરંભ કર્યો હતો. નીતિનનુ રજિસ્ટ્રેશન બાકી હોવાથી તે કટારા રોકાઈ ગયો હતો, તેના બાદ તે અમરનાથ જવા નીકળ્યો હતો. તમામ મિત્રઓ વૈષ્ણોદેવી ચાલતા દર્શન કરવા નીકળ્યા હતા. જ્યાં મંદિરમાં તેઓએ એકસાથે દર્શન કરીને બહાર આવ્યા હતા. બહાર આવતા જ દર્શન કર્યા બાદ છાતીમાં દુઃખાવો થતાં યુવાન અચાનક ઢડી પડ્યો હતો. તેને સારવાર અપાય તે પહેલા જ તે મોતને ભેટ્યો હતો. આ વાતની જાણ આગળ અમરનાથ નીકળી ગયેલા મિત્રોને કરવામાં આવી હતી. જેથી તેઓ પોતાની યાત્રા અધૂરી છોડીને પરત ફર્યા હતા. નીતિનને સ્ટ્રેચર પર વૈષણોદેવી મંદિરેથી નીચે લાવવામાં આવ્યો હતો. કટરાથી તેના મૃતદેહને જમ્મુ કાશ્મીરની હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. બમ બમ ભોલેના નાદ સાથે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ અમરનાથ યાત્રા માટે કશ્મીર પહોંચ્યા છે. ઉલ્લેખનીય છે કે, પવિત્ર અમરનાથ યાત્રા માટે અનેક શ્રદ્ધાળુ કશ્મીર પહોંચ્યા છે. અમરનાથ જનારા યાત્રિકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૪,૪૧૬ યાત્રિકો સાથેનો બીજો જથ્થો કશ્મીર પહોંચ્યો છે. તો ૫૬૦૦ તીર્થયાત્રી દર્શનમાટે પવિત્ર ગુફા તરફ આગળ વધ્યા છે. બમ બમ ભોલેના નાથ સાથે યાત્રિકો આગળ વધી રહ્યાં છે. ૧૮૮ વાહનોમાં તીર્થયાત્રી આધાર શિબિરથી નીકળ્યા છે. ૧૬૮૩ તીર્થયાત્રી બાલટાલ અને ૨૭૩૩ તીર્થયાત્રી પહલગામ પહોંચ્યા છે. શ્રદ્ધાળુઓએ કહ્યું, આ વખતે સુવિધામાં વધારો કરાયો છે. દરેક યાત્રી આરામથી યાત્રા કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે.

# કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જીએસટી વળતર પેટે રૂા.૯,૦૨૧ કરોડની ચુકવણી




(પ્રતિનિધિદ્વારા)

ગાંધીનગર તા.૪

કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી કાયદાના અમલીકરણ વખતે રાજ્યોને મળતી આવકમાં ઘટ સામે વળતર આપવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. આ માટે જીએસટી કમ્પેસેશન સેસ એક્ટની રચના કરાયેલ હતી. આ એકટની જોગવાઈ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ને બેઝ ઈયર ગણી તેમાં વાર્ષિક ૧૪%લેખે વૃધ્ધિને આધારે તા.૧-૭-૨૦૧૭થી તા.૩૦-૬-૨૦૨૨ સુધી પાંચ વર્ષ માટે રાજ્યોની પ્રોટેક્ટેડ આવક નક્કી કરવામાં આવેલ હતી. આ સંદર્ભમાં ગુજરાત સરકારને મળવાપાત્ર જીએસટી વળતર પેટે રૂા.૯૦૨૧ કરોડની રકમ કેન્દ્ર સરકારે ગુજરાતને ફાળવી આપી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાતને આ રકમ ફાળવવા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાં મંત્રી નિર્મલા સીતારામન અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

# સોમનાથનો હિરણ-૨ ડેમ છલકાવવાની તૈયારીમાં



(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૪

સોમનાથ, વેરાવળ, પાટણ અને જુથ યોજનાનાં ગામડાઓ, ખેતસિંચાઈ, ઔદ્યોગિક એકમો અને વિવિધ સંસ્થાઓને વરસાદ જળસંચયનું પાણી પુરૂ પાડતો જીવાદોરી સમો તાલાળા પાસે આવેલ ઉમરેઠી નજીકનો હિરણ-૨ ડેમ ૯૦ ટકા ઉપરાંત છલકાવવા જઈ રહયો છે. મદદનીશ સિંચાઈ એન્જીનીયર નિર્મળ સીંધલ તેમજ હિરણ-૧ ડેમનાં એન્જીનીયર એન.એચ. પીઠીયા ડેમ જળસપાટી વધારા ઉપર નજર રાખી રહયા છે. આજે પણ ધીમા વરસાદમય માહોલ છે. નવા નીરની ધીમી આવક ચાલુ જ છે. સિંચાઈ ખાતાએ બહાર પાડેલ યાદી અનુસાર સ્ટોરેજનાં ૯૦ટકા એટલે કે આર.એલ. ૭૦.૭૧ મીટર, ઉંડાઈ ૮.૨૯ મીટર અને જીવંતજથ્થો ૩૧.૨૦૧ એમ.સી.યુ.એમ. તા. ૪-૭-૨૩નાં રોજ ભરાતાં અને ડેમનું નિર્ધારીત રૂલ લેવલ ૭૦.૭૫ મીટર જાળવવા કોઈપણ સમયે ડેમનાં દરવાજા ખોલવા પરિસ્થિતિ ઉભી થશે. તેનો વોર્નીંગ મેસેજ કલેકટર, પોલીસ તંત્ર અને સત્તાવાળાઓને પાઠવી દેવાયો છે. અને ડેમનાં જળપ્રવાહ વહેવાથી નીચાણવાળા વિસ્તારનાં ૧૧ ગામોને સાવચેત અને નદીથી દૂર રહેવા પૂર્વ ચેતવણી અપાઈ ચુકી છે.

# માંગરોળમાં મરેલા મરઘાના અવશેષો ભરેલા કોથળા ફેંકી દેવા પ્રકરણમાં આવેદનપત્ર અપાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૪

માંગરોળમાં કામનાથ મહાદેવ મંદીર પાસે બે દિવસ પહેલા મરેલા મરઘાંના અવશેષો ભરેલા કોથળા ફેંકી દઈ ધાર્મિક લાગણી દુભાવવા બદલ વિ.હિ.પ., બજરંગ દળ, જીવસેવા ચેરી. ટ્રસ્ટ, સંજીવની નેચર ફાઉન્ડેશન, વેપારી મહાજન મંડળ સહિતના સંગઠનોએ મામલતદાર અને પોલીસને આવેદન પાઠવી જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ કરી છે. શહેરથી ૭ કિ.મિ. દુર પૌરાણિક કામનાથ મહાદેવનું મંદીર આવેલુ છે. પદ્મપુરાણમાં પણ તેનો ઉલ્લેખ છે. આ ઉપરાંત આજુબાજુ ભગવાન ગણેશ અને હનુમાનજીના પણ મંદીરો છે. ત્યારે શનિવારે નોળી નદી ઉપર આવેલા દાનાતળ કોઝવે પાસે અને પાણીમાં કોઈ અજાણ્યા ઈસમો મૃત મરઘાંના અવશેષો ભરેલા કોથળા ફેંકી ગયા હતા. આ નોળી નદીના પાણીથી મંદીરના શિવલિંગનો અભિષેક થતો હોય, ત્યારે દુષિત થયેલું પાણી ઉપયોગમાં કેમ લઈ શકાય ? તેવો પ્રશ્ન ઉઠાવાયો છે. આ ઉપરાંત નદીના પટમાં શહેરને પાણી પુરૂ પાડતા ન.પા.ના કુવાઓ આવેલા હોય, મૃત પશુઓના માંસ, હાડકાથી પ્રદુષિત થયેલું પાણી કુવાના પાણી સાથે ભળશે. જે શહેરીજનોને વિતરણ થશે. વધુમાં જણાવાયું છે કે નીમ કરાયેલી જગ્યાને બદલે આજુબાજુના વિસ્તારોમાંથી મૃત પશુઓનો નદીના પટમાં નિકાલ થઈ રહ્યો છે. તે પ્રવૃત્તિ બંધ કરાવવા પણ માંગ કરી છે. હિન્દુ સમાજના પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન લોકો પગપાળા ચાલીને કામનાથ મંદીરે દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે શ્રધ્ધાળુઓને આ રસ્તા પર આવેલા મરઘાં ઉછેર કેન્દ્રમાંથી આવતી અસહ્ય દુર્ગંધનો સામનો કરવો પડે છે. તો સરકારના ધારાધોરણ વિરુદ્ધ અને ગે.કા. ચાલતા મરઘાં કેન્દ્રો સામે કાર્યવાહી કરી તાત્કાલિક ધોરણે બંધ કરાવવા માંગ કરી, પગલાં લેવામાં નહીં આવે તો વિ.હિ.પ., બજરંગ દળે હિન્દુ સમાજને સાથે રાખી આંદોલનની પણ ચિમકી આપી છે.

# ગુરૂપર્ણિમા નિમિત્તે વેરાવળની મહિલા કોલેજમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૪

મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વેરાવળમાં ગુરૂપૂર્ણિમાની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂજનોને તિલક, પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડો. બંધિયા, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય ડો. વાળા, કવિ વિનોદભાઈ વ્યાસ તથા કોલેજના પ્રોફેસરોએ ગુરૂપૂર્ણિમાનું જીવનમાં મહત્વ, ગુરૂ-શિષ્યના સંબંધો વિશે વક્તવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ ગુરૂનો મહિમા વિષય ઉપર વક્તવ્ય, ગીતો અને ભજનો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન અધ્યાપક ડો. પુષ્પાબેન વાઢેળ દ્વારા કરવામાં આવ્યું હતું. આમ કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# કેશોદના ડીપી રોડ ઉપર યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજ્યું

(પ્રતિનિધિદ્વારા)

કેશોદ તા.૪

કેશોદના ડીપી રોડ ઉપર એપાર્ટમેન્ટમાં રહેતા પ્રશાંતભાઈ મનસુખભાઈ ત્રાગડીયા ઘરે એકલાં હોય કોઈપણ કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં મોત નિપજ્યું હતું. કેશોદના ડીપી રોડ ઉપર રહેતાં પ્રશાંતભાઈનાં માતા બાજુમાં ધાર્મિક સ્થળે ગયાં હતાં ત્યારે બપોર બાદ ફોન ઉઠાવતાં ન હતાં ત્યારે પરત આવી અન્ય ચાવીથી દરવાજો ખોલ્યો હતો. ત્યારે પ્રશાંતભાઈ ગળાફાંસો ખાધેલી હાલતમાં હોય તાત્કાલિક કેશોદ પોલીસ સ્ટેશન કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર બી.બી. કોળી, પોલીસ સબ ઈન્સ્પેકટર કે.જે. પટેલ, પોલીસ કોન્સ્ટેબલ સંજયસિંહ કૃષ્ણસિંહ ઝાલા, દેવાભાઈ ભારાઈ ઘટના સ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. મૃતક પ્રશાંતભાઈ એકલવાયું જીવન જીવતા હોય કંટાળીને મોતને વ્હાલું કર્યુ હોવાનું માનવામાં આવે છે. કેશોદ નગરપાલિકા સંચાલિત શબવાહિની દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કેશોદ સબડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રશાંતભાઈ મનસુખભાઈ ત્રાગડીયા ઉંમર વર્ષ ૪૫ હસમુખો સ્વભાવ અને મળતાવળા સ્વભાવનો હોય જબ્બર મિત્ર વર્તુળ ધરાવતાં હોય કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે મિત્રો સ્નેહીઓ શોકાતુર બની ગયાં હતાં. કેશોદ પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## જૂનાગઢનાં જયોતિષી દિનેશકુમાર ભટ્ટની આગાહી સાચી પડી

હાલ દેશભરમાં સતત વરસાદ વરસી રહયો છે. દેશનાં ૨૫ રાજયોની અંદર હાલ ચોમાસાનું ધમાકેદાર બેટીંગ ચાલુ છે તે અંગે દિનેશભાઈ ભટ્ટે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં જણાવ્યું હતું કે ચોમાસુ સારૂ જશે. હવામાન ખાતાએ ચોમાસુ સામાન્ય રહેશે તેમ જણાવ્યું હતું. અલનીનાં પવનને કારણે ચોમાસામાં અવરોધ કરાવશે. પરંતુ તેમ બનેલ નથી અને દેશભરમાં ચોમાસાની સારી ધમાકેદાર શરૂઆત થયેલ છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં સ્પષ્ટ જણાવેલ હતું કે તા. ૭-૬-૨૩ તેમજ તા. ૮-૬-૨૩નાં રોજ મકર રાશિમાં તેમજ શનિદેવ કુંભ રાશિ વાયુતત્વની રાશિમાં હોવાથી દરીયાઈ પ્રદેશોમાં પવનનું જોર વધુ રહે. આ સમયે બિપરઝોય વાવાઝોડુ ઉદભવ્યું હતું. વાવાઝોડાની શરૂઆત તેમજ વાવાઝોડા દરમ્યાન ૧૦ દિવસ ગુજરાતભરમાં વરસાદ પડેલ છે તે અંગે તારીખોવાર આ અંકમાં જણાવેલ હતું. આ અંકમાં જણાવેલ હતું કે તા. ૨૨-૬-૨૩ના રોજ સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરશે. ચોમાસાની શરૂઆત આદ્રા નક્ષત્રથી થાય છે. આદ્રા નક્ષત્રનાં પ્રવેશ બાદ તા. ૨૩/૨૪-૬-૨૩નાં રોજ ગુજરાતનાં થોડા ભાગમાં વરસાદ થયો હતો. હાલ તા.૨૮-૬-૨૩થી તા. ૧-૭-૨૩ સુધી સતત વરસાદ ગુજરાત તેમજ દેશભરમાં થઈ રહયો છે. આ સમય દરમ્યાન ઘણી જગ્યાએ અતિવૃષ્ટી થયેલ છે તેનો હાલ આપણે અનુભવ કરીએ છીએ.

-જયોતિષી : દિનેશકુમાર ભટ્ટ, જૂનાગઢ
મો. નં. ૯૪૨૮૩ ૭૩૪૪૧

# યાત્રાધામ દ્વારકામાં ગુરૂપૂર્ણિમાંના ગોમતી સ્નાન તેમજ કાળિયા ઠાકોરના દર્શને ભક્તોનું ઘોડાપુર

## વહેલી સવારે જગત મંદિર ખુલતા છપ્પનસિડી સ્વર્ગદ્વારે ભક્તોની કતારો લાગી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

યાત્રાધામ દ્વારકામાં અષાઢ સુદ પુનમ (ગૂરૂપૂર્ણીમા)ના દિવસે ગોમતી સ્નાન તેમજ કાળિયા ઠાકોરના દર્શન કરવા ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. વહેલી સવારથી પવિત્ર ગોમતી ઘાટે સ્નાન કરવા તેમજ મંદિર પરીસર મોક્ષ દ્વાર તેમજ છપ્પન સિડી સ્વર્ગદ્વાર પાસે ઠાકોરજીના દર્શન કરવા ભાવિકોની લાંબી કતારો લાગી હતી. ગુરૂ પુનમ હોય વારદાર પુજારી દ્વારા દ્વારકાધીશજીને અલૌકિક શણગારની ઝાખી કરવામાં આવી હતી. જગત મંદિર પરીસમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ભાવિકો દુર દુર વિસ્તારોમાંથી રેલ્વે બસ તેમજ પ્રાઈવેટ વાહનો લૈઈ દ્વારકાધીશ જગત મંદિરે પુનમ ભરવા પહોચ્યા હતા. હજારો ભક્તોએ ગૂરૂપૂર્ણિમાને દિન કાળિયા ઠાકોરના દર્શન કરી ભાવ વિભોર બન્યા હતા.

# કેશોદના બાલાગામના યુવકનો પુરમાં તણાયા બાદ ત્રીજા દિવસે મૃતદેહ મળી આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૪

કેશોદના ઘેડ પંથકમાં ભારે વરસાદને કારણે ઘોડાપુર આવતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે બાલાગામ ગામનાં બે યુવાનો ઓસા ગામે પુર જોવાં જતાં પાણીમાં તણાઈ ગયા હતાં ત્યારે ગામવાસીઓએ એક યુવાનને બચાવી લીધો હતો ત્યારે એક યુવાન ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં બચાવ કામગીરી માટે એનડીઆરએફની ટીમ દ્વારા કલાકો સુધી મહેનત કરવા છતાં કોઈ સગડ મળ્યાં નહોતાં. ગઈકાલે વહેલી સવારે એનડીઆરએફની ટીમ દ્વારા ભારે જહેમત બાદ પ્રતીક ભાઈ દાનાભાઈ રાઠોડ રહે.બાલાગામનો મૃતદેહ મળી આવતાં હોડી દ્વારા કિનારે લાવીને એમ્બ્યુલન્સ મારફતે કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્રણ દિવસ સુધી પાણીમાં ગરકાવ થઈ ગયેલ હોય મૃતદેહ પેનલ પોસ્ટમોર્ટમ માટે જામનગર મોકલવામાં આવશે એવું આધારભુત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. કેશોદ પંથકમાં ઘેડ પંથકમાં આવેલા ઘોડાપુરમાં છ વ્યક્તિઓ ફસાયેલા હતાં જેમાં સુત્રેજ ગામે એર રેસ્કયુ કરી હેલિકોપ્ટર દ્વારા બનાવવામાં આવેલ તેમજ ઘોડાદર ગામે ફસાયેલા બે વ્યક્તિઓને કેશોદ નગરપાલિકા ફાયર બ્રિગેડ ટીમ દ્વારા બચાવવામાં આવ્યા હતાં અને ઓસા ગામે બાલાગામના બે યુવાનો તણાઈ ગયા હતાં જેમાં એક યુવાનને ગામવાસીઓએ બચાવી લીધા હતાં ત્યારે એક યુવાનનો એનડીઆરએફ ટીમ દ્વારા મૃતદેહ શોધવામાં સફળતા મળી હતી.

જૂનાગઢ મનપામાં ભાજપનાં શાસકોની વહીવટી નિષ્ફળતા.. અણઆવડત અને ભૂલો એટલે..

# જૂનાગઢ મહાનગરપાલિકાને સુપરસીડ કરવાનો એક માત્ર વિકલ્પ ?

## જૂનાગઢનાં 'જાગૃત અને કામગર વચનબધ્ધ' યુવા ધારાસભ્ય સંજય કોરડીયા અને યુવા સાંસદ રાજેશભાઈ કેમ દેખાતાં નથી ? તાજેતરનાં વરસાદે મનપાનાં શાસકોનાં અણઘડ વહીવટની પોલ ખોલી નાખ્યા પછી ઉઠતા અનેક જનપ્રશ્નો

**મહાનગરમાં ફરતા ફરતા...**
**– ગોરધન પાઘડાર**
**સીનીયર પત્રકાર**

જૂનાગઢ તા. ૪

વિશ્વમાં વસ્તી-જનસંખ્યા તરીકે તો આપણી લોકશાહી મોટી તો છે જ પરંતુ તેનાથી વિશેષ તો એ છે કે આપણું બંધારણ અને બંધારણીય સત્તાની વિશિષ્ટતા એ છે કે નાગરીકોનું પ્રતિનિધિત્વ સંસદ સભ્યથી લઈ સામાન્ય એવા બસો-પાંચસોની વસ્તી ધરાવતા ગામડાનાં સરપંચો કરી રહયા છે. તે પાછળની આપણા બંધારણીય માળખાનું ઘડતર કરનારાઓની લાંબી દીર્ઘ દ્રષ્ટી હતી કે છેવાડાનાં ગામડાઓનાં રહીશોનો સર્વાંગી વિકાસ પોતાના જ મારફત થાય જેને આપણે 'પંચાયતી રાજ'થી ઓળખીએ છીએ. તેના ઉપર દેખરેખની જવાબદારી જેને આપી છે તે તાલુકા અને તે ઉપર જીલ્લા પંચાયત જેને આપણે સ્થાનિક પ્રતિનિધિઓનાં નામે ઓળખીએ છીએ.

સ્થાનિક પ્રતિનિધિઓ ઉપર (વસ્તીનાં ધોરણે) ધારાસભ્ય અને તેના ઉપર સંસદ સભ્ય આ એક આપણી લોકશાહીની સાંકળ હતી અને એકબીજા મણકા ઓથી જોડાયને મજબુત હતી. પરંતુ છેલ્લા બે અઢી દાયકાથી જેમ જેમ વેપાર-રોજગાર, ઉદ્યોગ, શિક્ષણ સહિતનો વ્યાપ વધતો ગયો તેમ તેમ પવિત્ર રાજકીય ક્ષેત્રમાં તેમજ સામાજીક ક્ષેત્રમાં લોક સેવકોનો એટલો બધો વ્યાપ વધવા લાગ્યો કે સત્તા, પદ, હોદાઓ મેળવવા રીતસરનો જે તે પક્ષમાં ખાસ કરીને જે પક્ષનાં હાથમાં સત્તા હોય તેવા પક્ષોમાં કાર્યકરોનાં નામે સમાજ સેવકો વચ્ચે રીતસરની હરીફાઈ થવા લાગી છે. શરૂઆતમાં આવી હરીફાઈ તંદુરસ્ત હતી પરંતુ કાળક્રમે સત્તા, પદ, હોદાઓ મેળવવા એવમ પ્રજાનાં પ્રતિનિધિઓ બનવા તંદુરસ્ત હરીફાઈનાં મારગોને એક બાજુ કોરાણે મુકીને રીતસરની ગુંડાગીરીનું સ્વરૂપ લીધું હોય તેમ મોટા ભાગની ચુંટણીઓ લોહીયાળ બનવા લાગી એ એટલે સુધી કે આજે એક નજર નાખો તો સાંસદ સભ્યોથી માંડીને સામાન્ય ગ્રામ પંચાયતનો સરપંચ કે સભ્યો પૈકી ભાગ્યે જ કોઈ એવો પ્રતિનિધિ હશે કે જેના પર ફોજદારી કેસો કે પછી અન્ય ગુનાહીત બાબતોનું 'લેબલ' ન લાગ્યુંહોય! અને તેમાંય ગુજરાતમાંથી મોદીએ રાજકીય પ્રગતિ કરીને દેશનાં વડા પ્રધાન બન્યા પછી તો ગુજરાતનાં ભાજપનાં મનાતા સામાન્ય ગ્રામ પંચાયતનાં પ્રતિનિધિથી માંડી સાંસદ સુધીનાં પ્રતિનિધિઓ તો ઠીક સમજયા પણ કહેવાતા કેટલાક ભાજપનાં મનાતા શાસકો તમામ પ્રકારની આર્થિક ગુનાહીત બાબતો એવમ ભ્રષ્ટાચારો આચરવામાં તમામ હદ વટાવી દીધી હોય તેવું ચિત્ર સમગ્ર ગુજરાતમાં ઉભુથયુંહોય તેવી લાગણી જનતા અનુભવી રહી છે. અને તેમાંય સ્વરાજ રાજયની ગ્રામ પંચાયતોથી લઈ આઠ શહેરોની હાથીકાય મહાનગરપાલિકાઓનાં પ્રતિનિધિઓએ તો જુદા જુદા વિકાસનાં નામે પ્રજાની તિજોરીને કયા પ્રકારે અને કેવી રીતે લુંટી છે તેની પોલ તાજેતરમાં પડેલા મેઘરાજાએ ખોલી છે. ભાગ્યે જ એવું કોઈ ગામ કે શહેર હશે કે જયાનાં શાસકોએ સાચા અર્થની કામગીરી કરી હોય. અને તેમાંય જૂનાગઢ જીલ્લો અને તેમાંય જૂનાગઢ મહાનગરપાલિકાનાં શાસકો એવમ ભાજપનાં શાસકોને જાણે પીળો પરવાનો મળી ગયો હોય તેમ એકપણ સામાન્ય વિકાસનાં કામોમાં નિષ્ઠા કે પ્રમાણિકતાનાં દર્શન થતા જોવા મળે છે ખરા ?

ખુદ જૂનાગઢનાં ધારાસભ્ય સંજય કોરડીયાએ સોશ્યલ મીડીયાનાં માધ્યમથી વાયરલ થયેલા વીડીયોયોમાં કબુલે છે કે અમારી એવમ જરૂર ભુલ કે પછી અણઆવડતનાં કારણે થયું છે. જો આવું થયું હોય તો તેનાં માટે જો પ્રથમ જવાબદાર હોય તો તે છે ખુદ ધારાસભ્ય. સંજય કોરડીયાએ ત્યારપછી જૂનાગઢનાં સાંસદ રાજેશભાઈ કેમ કે તેના પર બંધારણીય જવાબદારી છે કે પોત પોતાનાં વિસ્તારમાં પ્રજાનાં પ્રતિનિધિઓથી જો ભુલ કે પછી જવાબદારી અદા કરવામાં ચુક થતી હોય કે થયેલી હોય તો આવી ચુક કરનારનો કાન પકડવાની પ્રથમ જવાબદારી આ બંનેની છે તેવું નથી લાગતું ? જે હોય તે 'સમરથ કો નહી દોષ ગોસાઈ'ની જેમ હંમેશા નાના માણસોને જ હંમેશા સહન કરવાનું એવમ દોષિત ગણવામાં આવે છે. જૂનાગઢ મહાનગરપાલિકાનાં શાસકો એવમ સત્તાધારી પક્ષ જનતાનાં કામો કરવામાં સદંતર ઉણા ઉતર્યા છે તેટલી વાતા તો તાજેતરનાં વરસાદે સમજાવી દીધી છે. ભૂતકાળમાં 'કેશુબાપા'નો વાંક કેટલો ? કે ગુજરાતની ગાદી છોડવી પડી ? તો રાજકીય નિષ્ણાંતોની દ્રષ્ટીએ કેશુબાપા નિતીવાન, પ્રમાણિક, નિષ્ઠાવાન જરૂર હતાં પરંતુ તેમની નીચેના કેટલા પ્રમાણીક નિષ્ઠાવાન કે આદરણીય સેવકો હતા ? આ પોલ ત્યારનાં કચ્છનાં ભુકંપે ખુલ્લી પાડી દીધી હતી. તેવી પોલ જૂનાગઢ મનપાનાં કહેવાતા પદ, પૈસો, પ્રતિષ્ઠા પાછળ દોડનારા પ્રજા સેવકોની પોલ તાજેતરમાં વરસાદે પાડી છે તેવું શું સંજય કોરડીયાને કે સાંસદ રાજેશભાઈને નથી લાગતું ? કાનુની તજજ્ઞ અને રાજકીય તજજ્ઞોનાં મતે જૂનાગઢ મહાનગરની હાલની દશા અને તમામ બાબતે નિષ્ફળ ગયેલા લોક પ્રતિનિધિઓનાં કારણે આખે આખી મનપાને 'સુપરસીડ' કરવાનો એક માત્ર વિકલ્પ જૂનાગઢનાં કહેવાતા 'કામગરા' અને ચુંટણી ટાણે અનેક વચનોથી બંધાયેલા આપણા ધારાસભ્ય સંજય કોરડીયા આઈએએસ અધિકારી કે કોર્પોરેટર ઉપર અને જો કલેકટર જેવા આઈએએસ અધિકારીની સામે જન પ્રશ્નોએ જાહેરમાં બાયો ચડાવીને જનતાનાં હિતાર્થે કામો કરવાની તાકાત ધરાવતા આપણા 'લોક લાડીલા' ધારાસભ્ય સંજય કોરડીયાએ જૂનાગઢ મનપાને સુપરસીડ કરવાની માંગણી કેમ કરી નથી ? આ પ્રશ્ન જૂનાગઢ મહાનગરજનોમાં અત્યારે ચર્ચાનો વિષય બન્યો છે.

## કામ કરવા સમયે અચાનક ઢળી પડ્યો

# જૂનાગઢના ચોરવાડમાં હૃદયરોગનો હુમલો આવતાં ૧૭ વર્ષીય કિશોરનું મોત

### યુવાન સવારે નાળિયેર ઉતારી રહ્યો હતો નાળિયેર ઉતાર્યા બાદ લુમ લઈને જતો હતો ત્યારે અચાનક ઢળી પડ્યો હતો

જૂનાગઢ, તા.૪

ગુજરાત રાજયમાં હાર્ટ એટેકથી નિધનના આજે અત્યંત ચોંકાવનારા બે સમાચાર સામે આવ્યા છે. જૂનાગઢ જિલ્લાના ચોરવાડમાં ૧૭ વર્ષીય કિશોરનું હૃદયરોગનાં હુમલાથી પોતાનો જીવ ગુમાવ્યો છે. ચોરવાડમાં નાળિયેરની વાડીમાં જિગ્નેશ વાજા નામનો ૧૭ વર્ષીય છોકરો નાળિયેર લઈને જઈ રહ્યો હતો ત્યારે અચાનક ઢળી પડ્યો હતો. ત્યારબાદ તેને તત્કાલ CPR આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન જિગ્નેશનું મૃત્યુ થયું છે. ચોરવાડની સરકારી હોસ્પિટલના ડોક્ટર પ્રમાણે જિગ્નેશ વાજાનું હૃદગરોગનાં હુમલાને કારણે થયું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર જિગ્નેશ વાજા ચોરવાડમાં નાળિયેરની વાડીમાં કામ કરતો હતો. તે સવારે નાળિયેર ઉતારી રહ્યો હતો. નાળિયેર ઉતાર્યા બાદ તેને લઈને જતો હતો ત્યારે અચાનક ઢળી પડ્યો હતો. ત્યાં હાજર લોકોએ તેને CPR આપવાનો પ્રયાસ કર્યો હતો. જિગ્નેશને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જયાં તેનું નિધન થયું છે.

આમ જુવાનજોધ યુવાનનું મૃત્યું થતાં વાજા પરીવાર ઉપર વજ્રઘાત જેવી સ્થિતિ સર્જાય છે. સમગ્ર ચોરવાડ શોકમય બન્યું છે.

# જૂનાગઢ સહિત સોરઠમાં વરસાદના ભારે ઝાપટા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪



જૂનાગઢ સહિત સોરઠના વિવિધ વિસ્તારોમાં આજે સવારથી જ વરસાદના ભારે ઝાપટાનો દોર રહ્યો હતો અને હજુ પણ આકાશ ગોરંભાયેલું છે ત્યારે દિવસ દરમ્યાન હળવાથી ભારે વરસાદના ઝાપટા પડવાની શકયતા છે. જોકે, હવામાન વિભાગની આગાહી અનુસાર હળવાથી ભારે વરસાદનો દોર સતત ચાલુંરહેવાનો છે. ગઈકાલે ગુરૂપુર્ણિમાના દિવસે સવારથી જ મેઘરાજાએ વિરામ લીધો હતો. બપોરના સમયે હળવા ઝાપટા પડી ગયા હતા અને દિવસ દરમ્યાન ઉકળાટભર્યું વાતાવરણ રહ્યુંહતું. ગઈકાલના વિરામ બાદ આજે ફરી મેઘરાજા જૂનાગઢ શહેર અને જીલ્લાના વિવિધ વિસ્તારોમાં વરસી રહ્યા છે અને હળવાથી ભારે ઝાપટા પડી રહ્યા છે.

# વિસાવદર પંથકમાં સરકારી ગૌચરની જમીન ગેરકાયદેસર રીતે કબ્જે કરવા અંગે ત્રણ સામે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ જીલ્લાના વિસાવદર ખાતે આવેલી સરકારી ગૌચરની જમીન ઉપર ગેરકાયદેસર રીતે કબ્જો કરી લેવા સબબ ત્રણ શખ્સો સામે વિસાવદરના મામલતદાર દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, વિસાવદરના ઈન્ચાર્જ મામલતદાર ભીખાલાલ પોપટલાલ કતકપરાએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, વિસાવદર ગામના સરકારી ગૌચર જમીનના સર્વે નંબર ૨૮૦ની હે.૧૩-૯૬-૧૭ પૈકીની અનુક્રમે હે.૦-૬૩-૮૪, હે.૦-૯૩-૦૮, હે.૨-૦૩-૦૫ વાળી જમીનમાં અનઅધિકૃત રીતે કબ્જો કરવા સબબ મનસુખભાઈ વલ્લભભાઈ રાખોલીયા રહે.હનુમાનપરા, ભીખુભાઈ માધાભાઈ રાખોલીયા રહે.હનુમાનપરા, ભીખુભાઈ રવજીભાઈ અમીપરા રહે.કાલસારી વાળા વિરૂધ્ધ વિસાવદર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ લેન્ડગ્રેબીંગ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે અને આ બનાવની વધુ તપાસ નાયબ પોલીસ અધિકારી હિતેશ ધાંધલ્યા ચલાવી રહ્યા છે.

# બિલખા : વાડીના ગોડાઉનમાંથી ઝેરી જનાવર કરડી જતા મહિલાનું થયેલ મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢના ગાંધીગ્રામ સરકારી ગોડાઉન પાસે રહેતા પ્રફુલાબેન જમનાભાઈ ગોંડલીયા(ઉ.વ.પર)ની બિલખા નજીક આવેલી વાડીએ ગોડાઉનમાંથી કોઈ ઝેરી જનાવર તેમના જમણા હાથની આંગળીમાં કરડી જતા પ્રફુલાબેન ગોંડલીયાનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ બનાવ અંગે બિલખા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 'નામ બડે ઔર દર્શન ખોટે' જેવા જૂનાગઢનાં માટીપગા નેતાઓની કામગીરીથી મુખ્યમંત્રી નારાજ !

## ૨૦ વર્ષમાં જૂનાગઢનો સંપૂર્ણ વિકાસ કહેવાતા પ્રજાનાં સેવકો કરી શકયા નથી પરંતુ પોતાનો વિકાસ ૧૦૦ ટકા કરી શકયા છે તે પણ એટલું જ સત્ય છે

જૂનાગઢ તા. ૪

જૂનાગઢ શહેરનાં સર્વાંગી વિકાસનો નકશો વારંવાર ગાંધીનગર તેમજ કેન્દ્ર સરકારમાં પણ રજુ કરી અને આ શહેરને વિકાસની ટોચ ઉપર લઈ જવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. આ શહેરની કાયાપલ્ટ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખુબ જ લાગણી ધરાવે છે અને જોઈતી તમામ મદદ પુરી પાડવા માટે કટીબધ્ધતા પણ વ્યકત કરી છે. પરંતુ જૂનાગઢ મહાનગરપાલિકાનાં ભાજપનાં શાસકો મુખ્યમંત્રી તેમજ હાઈકમાન્ડનાં આદેશને પણ 'ઘોળીને પી જતા' હોય તેમ મનફાવે તેવા વહીવટ કરી અને પોતાની રહીસહી આબરૂનાં ધજાગરા ઉડાડી દેતા હોય છે. કહેવાતા આ નેતાઓ છેલ્લા ૨૦ વર્ષમાં જૂનાગઢનો વિકાસ સંપૂર્ણ કરી શકયા નથી, જે કાંઈ વિકાસ થયો છે તે ઉપરની મહેરબાનીથી થયો છે તે પણ જનતા સમજી ચુકી છે. અને એટલા માટે જ 'નામ બડે ઔર દર્શન ખોટે' જેવા આ નેતાઓનાં રૂપથી મુખ્યમંત્રી ખુબ જ નારાજ થયા છે અને એક તકે તો તમે સુધરી જાવ તેવી સ્પષ્ટ ચેતવણી પણ આપી દીધી હોવાનું જાણકાર સુત્રોમાં ચર્ચાઈ રહયું છે. જૂનાગઢનાં ભાજપનાં કેટલાક નેતાઓ તેમજ કહેવાતા પ્રજાનાં સેવકો મુખ્યમંત્રીનાં દરબારમાં લાઈનસર ઉભા રહીને વારંવાર ફોટા સેશન કરે છે અને જાણે મોટુ તીર માર્યુ હોય જેવા કામગીરી માટેનાં અહેવાલો પ્રસિધ્ધ કરાવે છે પરંતુ જયારે જરૂર પડે અને કફોડી પરિસ્થિતિમાં જો કામ આવે તેને જ પ્રજાનાં સાચા સેવકો ગણી શકાય. તાજેતરમાં જૂનાગઢનાં એવા ભાગ્ય કે બિપોરજોય વાવાઝોડાનાં ખતરાથી આ શહેર બચી ગયું! પરંતુ તાજેતરમાં થયેલા ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરનાં તમામ વિસ્તારોની હાલત ખુબ જ ખરાબ કરી નાંખી હતી. કેટલીક સોસાયટીઓમાં રીતસરની બેટ જેવી હાલત સર્જાઈ હતી. અને તેનાં માટે જૂનાગઢ મનપાનાં શાસકો જ જવાબદાર હોવાનું સત્ય સાબિત થયું છે. પ્રજાનાં ગુનેગાર એવા મનપાનાં શાસકો સામે કડક પગલાની માંગણી કરવામાં આવી રહી છે. લોકોને સત્ય સમજાઈ ગયું છે કે ૨૦ વર્ષો થયા મહાનગરપાલિકાનું ઓઢણું ઓઢેલી આ જૂનાગઢની મનપામાં વિકાસ કામો ગોકળગાયની ગતિએ ચાલે છે. વારંવાર રસ્તામાં ખાડા કરવા તેમજ રીપેરીંગ પેચવર્કનાં મસમોટા બિલો બનાવવા, અધિકાર ન હોવા છતાં લાઈટોવાળી ગાડીમાં ફરવું અને અધિકારની રૂએ મળેલી ગાડીઓનો ગેરઉપયોગ (પોતાનાં સગાવ્હાલા પરીવારજનોને તેડવા મેલવા, ટુર ઉપર મોકલવા) કરવા સહિતની કામગીરી પ્રજાનાં સેવકો કરી રહયા છે. અને આ જનતા જનાર્દનની ફરીયાદ જનરલ બોર્ડ વખતે પણ વિરોધ પક્ષનાં કોર્પોરેટરોએ અનેકવાર દોહરાવી છે. આ ઉપરાંત બહુમતીનાં જોરે સાચી-ખોટી વાતમાં પણ ઠરાવ પાસ કરાવી લેવા અને નામ પુરતુ જનરલ બોર્ડ બોલાવવું અને ધાર્યુ કરી નાખવાની કામગીરી વારંવાર થતી હોવાની અનેક ફરીયાદો ઉઠવા પામી છે. લોકોએ ખોબલે ને ખોબલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નામ ઉપર પ્રજાનાં સેવકો ચુંટાય આવ્યા છે. પરંતુ આ પ્રજાનાં સેવકો વડાપ્રધાનનું નામ પણ ખરડાવી રહયા છે. ભારે વરસાદમાં પ્રજાનાં સેવકો લોકોનાં કામો કરવામાં કે લોકોની સુરક્ષા માટેની કામગીરીમાં જે ઉણા ઉતર્યા છે તેને લઈને તેનો ચહેરો મુખ્યમંત્રી તેમજ હાઈકમાન્ડ સુધી સામે આવી ગયો છે 'નામ બડે ઔર દર્શન ખોટે' જેવો ઘાટ થયો છે. આ પ્રજાનાં કહેવાતા સેવકો તેમજ નેતાઓ જૂનાગઢ શહેરનો વિકાસ ૨૦ વર્ષમાં સાધી શકયા નથી પરંતુ પોતાનો વિકાસ સર્વાંગી રીતે કર્યો છે તે પણ એટલું જ સત્ય છે.

# જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામે ઝેરી દવા પીતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૪

જૂનાગઢ તાલુકાના ડુંગરપુર ગામના ભરતભાઈ ઉર્ફે વિપુલભાઈ દેગામા (ઉ.વ.૩૭)એ તા.૨૧-૬-૨૦૨૩ના સવારના ૧૧ વાગ્યાના અરસામાં માનસિક ટેન્શનના કારણે ઝેરી દવા પી જતા તેનું રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ બનાવ અંગે જૂનાગઢ તાલુકા પોલીસ વધુ તપાસ ચાલવી રહી છે.

**વંથલીના ગાંઠીલા ગામે આર્થિક ભીસના લીધે ઝેરી દવા પીતા મૃત્યું**

વંથલી તાલુકાના ગાંઠીલા ગામે રહેતા દિનેશભાઈ મંગાભાઈ પરમાર આર્થિક ભીસના લીધે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેનું સારવાર દરમ્યાન મૃત્યુંથયુંછે. આ બનાવ અંગે વંથલી પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહીહાથ ધરવામાં આવી છે.

**જૂનાગઢમાં જુગાર દરોડો : સાત ઝડપાયા**

જૂનાગઢ એ ડીવીઝને ઉપરકોટ નજીક ઢોરા ઉપર જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને રૂા.૧૩,૨૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# ચોમાસાની ઋતુમાં કાળઝાળ ગરમી સાથે શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો : ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪

જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદની સીધી અસર લીલા શાકભાજી ઉપર પડી હોય તેમ છેલ્લા કેટલાક દિવસોથી શાકભાજીના ભાવો આસમાનને આંબતા થયા છે. લીલોતરી શાક ૧૦૦ રૂપિયા ઉપર પહોંચતા ગૃહિણીઓનું રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે. હાલ ચોમાસાના દિવસોમાં માર્કેટમાં શાકભાજીની ઓછી આવક વચ્ચે હજુ પણ થોડો સમય આ પરિસ્થિતિ બની રહે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ખેડૂતોને પણ ભારે વરસાદથી ખેતરોમાંથી શાકભાજી લાવવા ભારે મુશ્કેલી પડી રહી હોવાથી માર્કેટીંગ યાર્ડમાં શાકભાજીની આવક ઘટી જતાં તેની અસર લોકો ઉપર પડી રહી છે. વધુમાં ચોમાસાનાં દિવસોમાં શાકભાજીની આવક ન થતી હોવાનાં કારણે બજારોમાં ટમેટા, આદુ, કોથમીર તેમજ લીલા શાકભાજી મળવા પણ મુશ્કેલ છે. એટલું જ નહીં એક એક શાકભાજીનાં ભાવ રૂા. ૧૦૦ દેવા છતાં પણ સારા કહી શકાય તેવા શાકભાજી મળી શકતા નથી. આદુનો ભાવ પણ સતત વધી રહયો છે. આમ દરેક શાકભાજીનાં ભાવો રૂા. ૮૦ થી રૂા. ૧૦૦ સુધી પહોંચી ગયા છે.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

